# અધ્યાત્મ

વર્ષ ૧૧ ઓક્ટોબર ૧૯૮૯ અંક ૧



# લવાજમ મોકલાવો

અધ્યાત્મનું દસમું વર્ષ સપ્ટે. ૮૯ માં પૂરું થયું, એટલે જે ભાઈબહેનો વર્ષની શરૂઆતથી ગ્રાહક નોંધાયેલાં છે, તેઓનું લવાજમ સપ્ટે. ૮૯ માં પૂરું થઇ ગયું. આ વાત ગયા અંકમા ગ્રાહકોના ધ્યાન ઉપર સ્પષ્ટ શબ્દોમાં મૂકવાની રહી ગઈ.

ઓકટો. ૮૯ થી અગિયારમું વર્ષ શરૂ થાય છે. તો હવે જે ભાઇબહેનો અધ્યાત્મને સીધું લવાજમ મોકલવાની ઈચ્છા રાખતાં હોય તેઓ નીચેના સરનામે લવાજમ મની-ઓર્ડરથી મોકલી શકે છે.

નારાયણ હ. જાની, તંત્રી અધ્યાત્મ.<br>
પ્લોટ નં. ૧૬૮૮ બી, પરમધામ,<br>
સરદારનગર, ભાવનગર-૧,. ૩૬૪ ૦૦૧.


ડ્રાફ્ટ પણ ઉપરના નામનો મોકલી શકાય ચેક સ્વીકારવામાં આવશે નહિ.

પરદેશના ગ્રાહકોનાં નામ ખાસ કરી પનામા, લોસ એન્જેલેસ, સાન્ફ્રાન્સિસકો, મેન્ફીસ, રગ્બી, બોલ્ટન (યુ. કે), ને ટોરેન્ટો, (કેનેડા) વેળાસર મોકલાવવા વિનંતી છે. અધ્યાત્મને મદદરૂપ થવા માગતા પરદેશના સાધક ભાઈબહેનો પોતાના પરિચિતોમાંથી ઓછામાં ઓછા એકાદ એકાદ નવા ગ્રાહક બનાવે એવી આશા રાખવામાં આવે છે. એ પણ એક સારી સેવા લેખાશે.

-તંત્રી

(સદ્દભાવભરી ભેટ ટાઇટલ-૩ ઉપર)

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી<br>
અને પૂ. માતાજી જ્યોતિર્મયી



[ માતાજીનો નિર્વાણ દિન ૪-૧૦-૮૦ ]

## ✻ જ્યોતિ વંદના ✻

પરમોજ્જવલ જ્યોતિમાતા,
શતવંદન યોગવિધાતા.

ઊર્ધ્વ વિષે રહી ભગવતી કરતી નિખિલ જગત શાસન,
વળી ઊતરતી ત્રિલોક વરવા નિજવિજય સ્થાપન. પરમો

સત્ય સનાતન અરૂપ અનામી, કરવા કરુણાદાન,
અંચલ ઓઢ્યું જીવન-મરણનું વ્યક્તિ વિષે વ્યવધાન. પરમો

તિમિરાવૃત મૃત મનુને દેવા અમરાનંદ પ્રકાશ,
સ્વેચ્છાએ સ્વીકાર્યાં બંધન માનવ મન અભિલાષ. પરમો

તીવ્ર અભીપ્સા, ભક્તિ-સમર્પણ થાયે પ્રેમ પ્રસન્ન,
ધન્ય કરી દે વરદે ! જીવન શ્રી અરવિંદપ્રયત્ન. પરમો

પૂર્ણ સમર્થ વિરાટ સ્વરૂપે કરતાં પ્રકટીકરણ,
અવતરણે આ દિવ્ય કરી દે અણુ અણુ હરિ-કરણ. પરમો

સ્વ. પ્રો. મહેન્દ્રકુમાર મો. દેસાઇ ( કુમાર )


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઇલાલભાઇ છાટબાર, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન**
- 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ રી, બોરડીગેટ, ભાવનગર– ૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| પૂ. માતાજીને અંજલિ (૧) | શ્રી યોગેશ્વરજી | ૧૦ |
| પૂ. માતાજીને અંજલિ (૨) | નારાયણ હ. જાની | ૧૨ |
| દક્ષકન્યા સતી | પ્રા. શ્રીમતિ કુન્દનબેન વી. રાણા | ૧૬ |
| પરમ સમીપે (૪) | કલ્યાણ | ૨૪ |
| બાપુજીના અદ્દભુત દર્શન | જીવીબહેન (ખેડબ્રહ્મા) | ૩૬ |
| ગીતાધર્મ | લાભુભાઇ દવે | ૪૦ |
| યાદ | ઈશ્વરભાઈ ભક્ત | ૪૮ |
| પ્રશ્નોત્તરી | શ્રી યોગેશ્વરજી | ૪૯ |
| હું દુર્યોધન સૌ યુગનો | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૫૪ |
| અખિલમ્ મધુરમ્ | કમલ સુથાર | ૫૬ |
| સેવા શું છે ? | સેવા શું છે ? | ૫૯ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૧ ઓક્ટોબર–૧૯૮૯ અંક : ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા શ્રી સર્વેશ્વરી**

ભાદરવા વદ ત્રીજ ૨૦૩૬, શનિવાર, તા. ૨૭–૯–૧૯૮૦

સ્થળ:–સિવિલ હોસ્પીટલનો સ્પેશિયલ વોર્ડ, ભાવનગર.

ભાવનગરની ભૂમિ ઉપર અમારા ત્રણેયનું ભાવભર્યું સંમિલન થવાનું ભાગ્યમાં લખાયું હશે. તે તે પરમ શક્તિને જ ખબર હશે ને! જેથી એ પરમ શક્તિ માતાજીને અહિં ખેંચી લાવી. માંદગીને નિમિત્ત બનાવી એમનો શુદ્ધ માનસિક પુન: જન્મ જાણે પ્રભુએ આપી દીધો.

પૂ. શ્રી કહે છે તેમ કોઈપણ વ્યક્તિ પછી તે દુશ્મન હોય તેને પણ સેવા ને પ્રેમથી જીતી શકાય છે. એ દ્રષ્ટિએ જોઈએ તો સર્વેશ્વરીએ માતાજીને પ્રેમભરી સેવાથી જીતી લીધાં છે.

માતાજીનો અંતરાત્મા પ્રસન્નતા ને સંતોષ વ્યક્ત કરી રહ્યો છે. જેમ અત્યાર સુધી પૂ. શ્રીને ન જુએ તો માતાજી તરત જ પૂછપરછ શરૂ કરી દેતાં તે રીતે સર્વેશ્વરીને પણ થોડીવાર પણ ન જુએ તો પૂછવાં માંડે છે. એની પાછળનું રહસ્ય એ પૂ. શ્રી યોગેશ્વરજીની અકળ લીલા છે. માંદગી આવી, સેવા સ્વીકારીને એમાંથી એક સુખદ નવી ભૂમિકાનું નિર્માણ થયું અને એ ભૂમિકાથી માતૃભક્ત મહાત્માનું જીવન વધુ ને વધુ ઉજ્જવળ થતું ગયું.

ગઈ રાત્રે પણ પાસે બોલાવી, બેસાડી, માતાજી કહેવા લાગ્યાં. "હવે મારી સાથે જ રહેજે, મને છોડીને ના જઈશ વિ."

બપોરે ભોજનબાદ મોરબીથી શ્રી આનંદ (ગોરધનભાઈ, કલોલા) આવી પહોંચ્યા. અમારા આવેલા ભોજનમાંથી તેઓને ભોજન પાછળથી પીરસાયું.

બપોરનો સમય પણ લગભગ માતાજીને પાંચ પાંચ મિનિટે પાણી આપવામાં, લઘુશંકા કરાવવામાં જ ગયો.

સાંજે મણિનગરથી માતાજીની દીકરી ને જમાઈ આવ્યા. સમયસર દ્વાર સાડા પાંચે ખૂલી ગયાં, ત્યારે મુલાકાત થઈ.

હોસ્પીટલમાં પણ મુલાકાતનો કડક સમય-પાલનનો નિયમ પૂ. શ્રીનો ચાલું જ છે. એનાથી દર્દીને, સાથે રહેનારને, બધાને જ ખૂબ અનુકૂળતા રહે છે.

થોડી વાતચીત કરે છે ત્યાં જ દરરોજની જેમ ચાર-ચાર કલાકે માતાજીને નળીથી ખોરાક અપાય છે. તે ત્રીજીવાર છ વાગે આપવાનું શરૂ થયું.



સાંજે સાત વાગ્યે આજે ડો. પોપટ પધારે છે. આજે દરરોજ કરતાં જલદી આવ્યા છે, કેમકે ગઈકાલે જ તેઓને ખ્યાલ આવ્યો કે પોતે મોડા આવે તો એટલું જ મોડું પૂ. શ્રીને રાત્રે નિત્યકર્મથી નિવૃત્ત થવામાં થાય છે.

ડોક્ટર થોડીવાર બેઠા છે. સારવારની વાતો ચાલે છે. આજે ડોક્ટરે પોતાની હાજરીમાં પેશાબમાં કેટલી સુગર છે તે મપાવ્યું. સાચે જ સુગર વધુ બતાવતી હતી.

તે પછી ડોક્ટરે ફરી એક ગંભીર સ્થિતિના દર્દીને જોવા જાય છે. વાર લાગે છે. ફરી આવે છે ત્યારે તેઓએ સ્પષ્ટતા કરી કે એક કેન્સરનો દર્દી ગંભીર છે. મે પૂછ્યું:-કેન્સર તો ખૂબ લાંબી ચાલનારી માંદગી છે. તો તે ગંભીર સ્થિતિ સામાન્ય રીતે કેટલા દિવસ સુધી રહે?

ડો. પોપટ:-ગંભીર સ્થિતિ તો મહિનાઓ સુધી પણ રહી શકે. પણ પ્રભુના દરબારે જીવનની ચિઠ્ઠી ફાટી ગઈ એમ માણસે સમજી લેવાનું.

પૂ. શ્રી:-કેન્સરની વાત સાંભળી કવિ પતિલ થઈ ગયા એની માંદગી પ્રસંગે પૂ. શ્રીના જ દર્શન કરવાની ઈચ્છા વ્યક્ત કરી. ડોક્ટરોએ કવિ પતિલને ચોવીસ કલાક જ હવે છે એવું કહી દીધું. પૂ. શ્રીને ત્યાં આવવા વિનંતી થઈ. પૂ. શ્રી કહે આજે નહિં કાલે સવારે પણ નહિં, સાંજે આવતી કાલે હું તેમની પાસે આવી શકીશ. વિનંતિ કરનાર કહે છે પણ ડોક્ટરોએ કહી દીધું છે. હવે એ ૨૪ કલાક પણ નથી. પૂ. શ્રી કહે, "કાલે સાંજ સુધી રહેશે જ." અને સાચે જ પૂ. શ્રી બીજા દિવસે સવારે નહિં પણ સાંજે જ મળવા ગયા. ત્યાર પછી

થોડા જ કલાકોમાં કવિ પતિલનું શરીર શાંત થયું.

પૂ. શ્રીએ કવિ પતિલની પત્નીને હોસ્પીટલમાં ૧૦૦ રૂપિયા મદદ આપી. વળી કવિ પતિલના મૃત્યુ પછી વડોદરાના સાહિત્યકારોને કવિ પતિલના કુટુંબ માટે કંઈક કરી છૂટવાની પૂ. શ્રીએ વિચારણા આપી. એ મુજબ પૂ. શ્રીએ જ પ્રથમ ફાળો એમાં પણ નોંધાવ્યો, એની વાતો કરી.

આજે માતાજીના ભાઈ વડોદરા જવા વિદાય લે છે. એમની બહેનને કંઈક ઈચ્છા છે? એ અર્થમાં પૂછવા માંગે છે. પણ પૂ. શ્રી પોતાની રીતે માતાજીને વાતો કરાવતાં કહે છે કે "ઈચ્છા એ જ દુઃખનું કારણ છે. રાતદિવસ કોઈને યાદ કરતાં નથી. જુએ તો થોડી વાતો કરવી હોય તો કરે. પણ ઉંચે ગયેલા જીવને આવું પૂછીને નીચે ઉતારવો ન જોઈએ."

[માતાજીના સંસારથી ઉપરામ થયેલા માનસને સમજીને પૂ. શ્રી અનોખી રીતે જ એ બધા સંસારીઓ સાથે વાતો કરાવે છે. માતાજી પણ કહે છે જીવતી હોઈશ તો ફરી મળીશું, સાચવીને જજો.]

પૂ. શ્રીઃ—જુઓ, મેં કેવી વાતો કરાવીને!

"ખગ સમજે ખગહી કી ભાષા....." આ ચોપાઈ બોલીને પૂ. શ્રી ગરુડ ને કાગભૂષંડજીનો આખો પ્રસંગ ડો. પોપટ આગળ વર્ણવે છે અને પૂ. શ્રી કહે છે કે "ગરુડને અભિમાન થયું કે ભગવાન રામ મોટા કે ભગવાન રામને લંકાના યુદ્ધમાં સર્પાસ્ત્રોથી છોડાવનાર હું મોટો? આ અભિમાન આવ્યું. જુઓ વિદ્યા મેળવીને, દાન મેળવીને, પ્રતિષ્ઠા પામીને, નમ્ર બનવું ખૂબ કઠિન."



મારા ઈંગ્લેન્ડના પ્રથમ પ્રવાસ સમયે લોકો ઉપર ખૂબ પ્રભાવ પડ્યો એમ કહી તેઓએ પોતાના ઈંગ્લેન્ડ, અમેરિકાના પ્રવાસની વાતો શરૂ કરી. જેમાં સ્વામી યોગાનંદના શિષ્ય સ્વામી તુર્યાનંદની અને પછી વેદાંત સંમેલનમાં પ્રવચનની વાતો કરી.

આટલા સત્સંગ બાદ તેઓ વિદાય થયા. અમે સૂક્ષ્મ આહાર લઈ આરામ માટે હજી તો પથારીમાં લંબાવ્યું ત્યાં માતાજીની સેવા ચાલુ થઈ. તે છેક રાતે એક વાગ્યા સુધી ચાલી. ત્યારબાદ હું થાકને વશ થઈ ઊંઘી જ ગઈ. પૂ. શ્રી ૩ વાગ્યા સુધી માતાજીને પાણી વગેરે આપવા બેઠા. ત્રણ પછી હું બેઠી ને તે દરમિયાન આજની સવારે ૧૨ પછીની નોંધનું લેખન કર્યું.

આટલી નોંધ રાત્રે થઈ શકી તે દરમિયાન બંને શાંતિથી આરામ કરે છે. પોણા પાંચ સુધી રાત્રે નોંધ થઈ ગઈ. હવે ફરી આરામ.

**ભાદરવા વદ પાંચમ ૨૦૩૬, રવિવાર તા. ૨૮–૯–૮૦**

આજે રવિવાર નિત્યક્રમ નિયમ મુજબ થયો રવિવાર હોવાથી ડો. પોપટ સવારે ૧૨ વાગ્યે આવ્યા. આખો દિવસ માતાજીની કુદરતી હાજત અંગેની સેવામાં વીત્યો.

આજના દિવસની ખાસ નોંધમાં મોરબીથી આવનાર શ્રી આનંદ, શ્રી ગોવિંદભાઈ ગયા. તારાબેન પોતાની રીતે સેવામાં મદદરૂપ થવા માટે માતાજી પાસે હાજર છે.

**ભાદરવા વદ છઠ ૨૦૩૬, સોમવાર તા. ૨૯–૯–૮૦**

આખી રાત માતાજીને પાંચ પાંચ મિનિટે પાણી અને

પેશાબ કરાવવામાં જ પૂરી થઈ.

સવારે આજે કેટલાયે દિવસે વ્યાયામ યોગ્ય રીતે થયો. પૂ. શ્રી અતિ નિયમિત બનીને વ્યાયામ કર્યા કરે છે.

દરરોજની જેમ સ્થિતિ રહી. સાડા નવ વાગ્યે નારણભાઇ સાથે સુરતનાં બે બહેનો હસુબેન, ઉમીયાબેન, જનકબેન માતાજીને જોવા આવી ગયાં. વળી ભાઈલાલભાઇ પણ આવીને બેઠા હતા.

રૂમમાં ડ્રેસીંગ, સ્પંઝ વિ. ચાલતું હોવાથી છેક ૧૨ વાગ્યે તેઓ સૌને મળી શકાયું.

બપોરે પણ માતાજીની ક્ષણેક્ષણ પાણી ને પેશાબની તકલીફ રહી. જેથી આજકાલ આરામ હરામ કરી સેવા કરવી જ રહી.

ગઈકાલે સાંજે માતાજીએ મને બોલાવી, કહ્યું, "છોડી, તું સેવા કરે છે. ભલુ કરે ભગવાન તારૂં. એ તો અજ્ઞાનને લીધે."

એજ રીતે આજે પણ બોલાબીને કહેવા લાગ્યાં, "હું તો કહુ. મનમાં ના આણીશ. હં......વિ." (તારાબેને) એમની દીકરીને સેવા ન કરવા દેતાં કહ્યું કે, "તને આ સેવા ન ફાવે. રાતદિવસ એજ કરે છે. એને જ કરવા દે....વગેરે."

સાંજે ડો. પોપટ એમનાં પત્ની સરલાબેન સાથે આવી ગયા. એમણે આજે નાતંદુરસ્ત તબિયતને લીધે રજા લીધી હતી. અને તેમાં પૂ. શ્રીનું "હિમાલયનાં પત્રો" પુસ્તક વાંચ્યું. તેની વાતો શરૂ કરી.

પૂ. શ્રીએ પ્રકાશના પંથે પુસ્તક બતાવ્યું. મુંબઇ આશ્રમમાં જ્યાં નાનપણમાં પૂ. શ્રીએ શિક્ષણ લીધું હતું તે વાત કરી. વળી



પુસ્તકોનાં કમિશનમાંથી થતી સેવાની વાતો કરી. ડૉ. પોપટે ગુરુદયામલ્લિક અને ગુણવંતરાય આચાર્યની વાતો કરી.

ત્યારબાદ બે દિવસથી દરરોજ સાંજે ખીચડી ને શાક મંગાવવામાં આવે છે જેથી તેનું ભોજન લઇ લીધું.

ડૉ. કોઠારી સાથે દવા ને સારવારની વાતો થઇ. વિદાય થયા બાદ લગભગ અગિયાર વાગ્યે રાત્રે આરામ કરી રહ્યાં છીએ. હરિ ૐ.

(ક્રમશઃ)


જીભના દરવાજાને બંધ કરવાના મૌન કરતાં મનના દરવાજા બંધ કરવાનું મૌન ચઢિયાતું છે.

IS : 10001

ઓ. : ૨૧૬૬૮
કે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# પૂ. માતાજીને અંજલિ (૧)

શ્રી યોગેશ્વરજી

ઉપવાસોના દિવસો દરમ્યાન માતાજીની ધીરજ ઘણી પ્રશંસનીય હતી. તેમને પોતાને માટે રસોઇ બનાવી લેવી પડતી તે પણ એક જાતનું તપ હતું. જ્યારે ઈશ્વરેચ્છાથી મારે કેટલાક શરૂઆતનાં વરસો હિમાલયમાં એકલા રહેવાનું થયું ત્યારે તેમણે બદરીનાથ, કેદારનાથ, ગંગોત્રી ને જન્મોત્રીની યાત્રા કરી હતી ને હિમાલયની શોભા જોઇ હતી. તે પછી પણ તેમની ઇચ્છા જો અનુકૂળતા મળે તો મારી સાથે કાયમ માટે રહેવાની હતી. તેમની એ ઇચ્છા પણ પૂરી થઇ. ઈશ્વરે તેમની માગણી મંજુર રાખી. તેમનું સ્વપ્ન એક ધન્ય દિવસે સાકાર થયું. સાચું બન્યું અને આજે તો તેઓ હિમાલયવાસનો આનંદ અનુભવે છે.

ગુજરાતી ચાર ચોપડી જેટલું ભણતર, જુવાનીની શરૂઆતમાં ભાતભાતનાં સંકટ ને દુઃખ તથા સંસારના તડકા-છાંયડાના ખાટામીઠા અનુભવો, તેમના જીવનમાં એવી મહત્ત્વની વસ્તુ હોવા છતાં તેમનામાં ઈશ્વરપ્રેમ, સંતસેવાની ભાવના, ને ધર્માનુરાગ બાળપણથી જ છે. તેમની માતામાં પણ એ મૂડી હતી. જૂના સંસ્કાર ને વિચારને શુદ્ધ કરી, મારી સાથે રહીને મારા માર્ગને સમજવાનું કામ તેમને માટે કઠિન હતું, પણ તે કામ તેમને માટે ઈશ્વરની અપાર કૃપાથી સરળ બન્યું, એ વાત ખાસ નોંધવા જેવી છે. સંસારમાં જુદા જુદા જીવોનો



સંયોગ ઋણાનુબંધને લીધે થાય છે. ને તે જ કારણથી તે મારી સાથે રહીને આનંદ કરે છે. આજે પણ કોઇ સાધુસંત આવે તો તેને કંઇ ને કંઇ આપી છૂટવાની તેમની વૃત્તિ છે. કોઇ સંન્યાસી કંઇ લેવાની આશાથી આવે તેને નિરાશ કરવો નહિ, એ તેમનું તત્ત્વજ્ઞાન છે. તેમનો પ્રેમ ઘણો ભારે છે.

આજે વરસોથી મારા દિલમાંથી માતા-પિતા કે સ્નેહી સંબંધીઓના સંસ્કારો ભૂંસાઇ ગયા છે. મારો ક્યાંક જન્મ થયો ને મારે માતાપિતા હતાં, એમ મને ખરેખર નથી લાગતું. મન ને તનના પરમાણું જાણે બદલાઇ ગયાં છે. જગત સારું ય ઘર લાગે છે. છતાં વીતી ગયેલા પૂર્વ સંસ્કારને યાદ કરવામાં પણ મને કાંઇ બાધ નથી લાગતો. માતાજી મારી સાથે ઋણાનુબંધથી રહે છે, તેમાં મને આનંદ છે. ઈશ્વર જે વખતે જે વ્યવસ્થા કરે છે, તે સારી જ હોય છે. જીવનનાં છેલ્લાં વરસોમાં તેમને શાન્તિ મળે ને છેવટે ઈશ્વરની કૃપાનો અનુભવ કરીને તે જીવનની ધન્યતા પણ અનુભવે એવી મારી ઇચ્છા છે.

રામકૃષ્ણદેવે કહ્યું હતું કે એક રૂપમાં મા કાલીરૂપે મંદિરમાં વિરાજમાન છે ને બીજા રૂપમાં તેણેજ જનની બનીને મને પયપાન કરાવ્યું છે. મારી દૃષ્ટિ પણ માતાજી પ્રત્યે એવી જ છે. તેમને હું જગદંબાનું એક સ્વરૂપ સમજુ છું. જેને સમજવામાં ભલભલા વિદ્વાનો પણ મુશ્કેલી અનુભવે તે મારી સાધનાને તેઓ સારી પેઠે ને સરળતાથી સમજી શક્યાં છે. એ ઓછી અગત્યની વસ્તુ નથી. તેમજ તે સાધનાની સિદ્ધિ માટેના મારા પ્રયાસોનાં અને મારા કેટલાક આધ્યાત્મિક અનુભવોનાં સાક્ષી બનીને શાંતિ અને આનંદપૂર્વક મારી સાથે રહ્યાં છે.

# પૂ. માતાજીને અંજલિ (૨)

નારાયણ હ. જાની

ભગવાનની આ સૃષ્ટિમાં કેટલીક અજાયબ પમાડે તેવી ઘટનાઓ ઘટે છે, તેમાંની એક પૂ. મહાત્મા યોગેશ્વરજીનો માતાજી જ્યોતિર્મયીની કૂખે જન્મ લેખી શકાય.

ગરીબ ખેતીપ્રધાન પરિવાર, આધુનિક શિક્ષણવંચિત રૂઢિચુસ્ત ને અંધશ્રાદ્ધાળુ સમાજ, કેવળ ભૌતિક, આબાદી કે આજીવિકાને સર્વસ્વ માનનાર, સંસારી વાતાવરણમાં રચ્યાપચ્યા રહેતા સમાજજનો વચ્ચે જન્મેલો ને ઉછરેલો બાળક—નાનપણથી જ ઈશ્વરદર્શન ને સંસારત્યાગનાં સ્વપ્નાં જુએ, એ શું આશ્ચર્ય નથી? કાદવ વચ્ચે ઉગતા કમળ જેવી શું એની કથા નથી!

ભરયુવાનીમાં વૈધવ્યનું દુ:ખ આવી પડ્યું, છતાં પ્રભુની લીલા તો જુઓ કે જીવનના એકના એક આધાર એવા પુત્રને સાધના ને ઈશ્વરપ્રાપ્તિ માટે હિમાલય જવાની જે જનેતા સંમતિ આપે, એ સામાન્ય જીવ તો નજ હોય. એટલે જ પૂ. શ્રી યોગેશ્વરજીએ એમનામાં પોતાનાં આરાધ્યા મા જગદંબાનાં દર્શન કર્યાં તે સર્વથા ઉચિત લાગે છે.

પોતાના ત્યાગી પુત્રમાં મમત્વ ને આસક્તિના ભાવોનો સંપૂર્ણ પરિત્યાગ કરી, એને એક સંત કે મહાત્મા તરીકે જોવો ને તેની પ્રત્યે પવિત્ર અને પૂજ્યભાવ ધરવો, એ શું સરળ કે સહેલું કામ છે? નહિ જ. છતાં પૂ. માતાજી એ કરી શક્યાં.



એમાં એમના દિલની વિશાળતા તથા સાચા સાધુસંતને ઓળખવાની સમજનાં આપણને દર્શન થાય છે.

વળી સૌથી વિકટ કામ તો પોતાના પુત્રની અનોખી આધ્યાત્મિક સાધાનાને સમજવાનું ને તેમાં સમજપૂર્વકનો સાથ સહકાર આપવાનું હતું. તમે કલ્પના કરો કે મા ને પુત્ર બન્ને સાથે રહેતાં હોય, પુત્ર સાધના નિમિત્તે દિવસો સુધી ઉપવાસો કરતો હોય ને માને એકલાં રાંધીને જમવાનું હોય! કઈ માતાને ગળે એ રાંધેલા અન્નનો કોળિયો ઉતરે? માતામાં સમજ ન હોય તો મમત્વને લીધે કેટલો બધો કકળાટ કરી મૂકે! છતાં પૂ. માતાજીએ એમાંનું કશું કદી ન કર્યું. કારણ? પોતાના પુત્રની સાધાનામાં સંપૂર્ણ શ્રાદ્ધા, એના વચનોમાં પૂરેપૂરો વિશ્વાસ. નહિ તો આ નજ બની શકે.

તમે કદી જંગલમાં એકલા રાતવાસો કર્યો છે—જ્યાં વિજળીના દીવા તો નહિ, પણ ઘાસલેટના દીવાનો પણ અભાવ હોય? આસપાસ કોઈ વસ્તી ન હોય. રાતે જંગલી જાનવરો આંટા મારતાં હોય ને સાપ વીંછી જેવા ઝેરી જીવો તમારા સહચરો હોય. ત્યાં એક બે દિવસ નહિ, મહિનાઓ નહિ પણ વરસો સુધી વસવાનું હોય. તમે આંખો મીંચી એની કલ્પના કરો તો પૂ. માતાજીના દેવપ્રયાગના શાન્તાશ્રામના એ દિવસોના વસવાટનો ખ્યાલ આવે.

વળી આ બધું કષ્ટ ઉઠાવવાનું પ્રયોજન શું? એટલું જ કે પોતાનો એકનો એક પુત્ર સાધના કરી રહ્યો છે, જેનામાંથી બધા જ સંસારી ભાવોના સંસ્કારો ભૂંસાઈ ગયા છે એને માટે? કઈ માતા આવું કષ્ટ ઉઠાવવા તૈયાર થાય? સહેલાઈથી પોતાના સરડોના ઘરમાં પૂ. માતાજી નિવાસ કરી શક્યાં હોત. પરંતુ પૂ.

શ્રીએ કહ્યું છે તેમ તેઓ તેમની સાધનામાં સહકાર આપવા મા જગદંબા એ સ્વરૂપે એમના જીવનમાં પધારેલાં. એમનું એ વિધાન સર્વથા ઉચિત લાગે છે, નહિ વારૂ!

જીવનમાં તમે મૌન રાખવાનો અભ્યાસ કદી કર્યો છે? અથવા જે સાધકો મૌન રાખી સાધના કરતા હોય એમની સાથે રહેવાનું કે જીવવાનું કદી બન્યું છે? ઘણીવાર આપણી સાથે રહેનાર વ્યક્તિ બેચાર કલાક ના બોલે તો સાથે રહેનાર માણસ અકળાઇ જઇને બોલી ઉઠે છે, "આમ મૂંગા મૂંગા અમારે ક્યાં સુધી બેસી રહેવું? કંઇક તો બોલો!" ત્યારે તમે વિચાર કરો કે પૂ. માતાજીએ પૂ. શ્રીની સાધના દરમ્યાનના મૌનને કેમ કરી મહિનાઓ સુધી જીરવ્યું હશે? એકાંત કુટિયામાં બેજ જણ. એમાંથી એક મૌન સાધનામાં મગ્ન, તો બીજી વ્યક્તિ કરે પણ શું? એને પણ ફરજીયાત મૌન જ. છતાં પૂ. માતાજીએ એ એકાન્તિક મૌનને પણ સહજ સ્વીકારી જીરવી લીધું. એ માતાની મહાનતા. એમનાં શ્રીચરણોમાં વંદન કરો એટલા ઓછા.

પૂ. માતાજીનું શાળાનું શિક્ષણ માત્ર ચાર ચોપડીનું વળી ઉછેર પણ પછાત અને રૂઢિચુસ્ત પરિવારમાં. આમ છતાં પૂ. માતાજી મહાત્માજી સાથે બત્રીસ વર્ષ રહ્યાં અને સમગ્ર ભારતમાં જ નહિ, પણ ઇંગ્લેન્ડ, અમેરિકા, કેનેડા વગેરે દેશોમાં વિવિધ પરિવારો વચ્ચે જીવ્યાં. બધે બધાંની રહેણીકરણી ને માન્યતાઓ જુદી જુદી છતાં પૂ. માતાજી સહુની સાથે સમન્વય સાધીને રહેતાં. એ માતાજીમાં વિવિધ પરિસ્થિતિઓમાં અનુકૂળ થવાની કેટલી બધી શક્તિ?

પૂ. માતાજી જીવનનાં ઘણાં વરસો સુધી ઘણા બધા



અભાવો વચ્ચે જીવેલાં પાછલાં વર્ષોમાં મા જગદંબાની કૃપાથી કશી જ કમીના ન રહેવા પામી. ભક્તો સંપત્તિ ને સગવડો આપવા તૈયાર હતા. પરંતુ પૂ. માતાજી આ બધાં પ્રલોભનોથી અળગાં રહ્યાં. એ એમનો દૃઢ સંયમ ને અપરિગ્રહ વૃત્તિ દર્શાવે છે. એટલા માટે પૂ. શ્રી યોગેશ્વરજીએ પૂ. માતાજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરતો જે 'તર્પણ' કાવ્યસંગ્રહ લખ્યો તેમાં ગાયું છે કે:–

"એવી માતા મેળવવાનું પામ્યા ભાગ્ય અમે"

એ માતાજીના ચરણોમાં અમારા કોટિકોટિ વંદન.

## સૂચના

જે ગ્રાહક ભાઇઓ પોતાનાં લવાજમ કેન્દ્રો મારફત મોકલાવે છે તેઓએ એ પ્રમાણે કરવું. આવાં કેન્દ્રો મોરબી, રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, મુંબઇ, વગેરે સ્થળોએ છે, જેનાથી તેઓ પરિચિત છે. ઓક્ટોબરના અંત સુધીમાં જેમનાં લવાજમ પહોંચશે તેમને જ ઓક્ટોબર, ૮૯નો અંક મોકલવામાં આવશે.

તંત્રી

# દક્ષકન્યા સતી

પ્રા. શ્રીમતિ કુન્દનબેન વી. રાણા

હરદ્વારમાં જે જગ્યાએ ગંગા નદી હિમાલયમાંથી, ભૂમિ ઉપર અવતીર્ણ થઇ છે તેની નજીકના પ્રદેશનું નામ "કનખલ" છે. પ્રજાપતિ દક્ષ એ કનખલ પ્રદેશનો રાજા હતો.

રાજા દક્ષનો પ્રતાપ ઘણો મોટો હતો ઐશ્વર્ય અને પરાક્રમમાં તેની સરખામણી કરે, એવું પૃથ્વીમાં એ સમયે કોઇ નહોતું. તે ઉપરાન્ત એ મહા તપસ્વી હતો. તેણે કેટલાય યજ્ઞ, કેટલાં દાન અને કેટલાં વ્રતાનુષ્ઠાન કર્યાં હતાં, તેની તો ગણત્રી જ નહોતી. આથી જ લોકો કહેતા કે "ધર્મ અને કર્મમાં રાજા દક્ષની સાથે કોઇની સરખામણી થઇ શકે એમ નથી."

દક્ષની રાજધાની કનખલ શહેર, સૌન્દર્યમાં અમરાવતીને મહાત કરતું હતું. હજારો વર્ષ વીતી ગયાં છતાં પણ કનખલના પ્રાકૃતિક સૌન્દર્યમાં આજ પણ તફાવત લાગતો નથી. તેની પાસે ગિરિરાજ હિમાલય, શિખરો પર શિખર ચડાવીને મેઘમાળાની જેમ ઉભો રહ્યો છે. તેની વચ્ચે થઇને ગંગાનો સ્રોત, વિશાળ સર્પની જેમ ગુંચળા ખાતો ખાતો, વેગપૂર્વક નીચેની તરફ વહ્યો જાય છે. કનખલમાં, ગંગાની કેટલી બધી અપૂર્વ શોભા છે! તેનું વર્ણન કરી શકાય એમ નથી. જળ સ્ફટીકના જેવું સ્વચ્છ છે. નદીના તળિયામાં નાના નાના માછલાઓ પણ, એ પાણીમાંથી સ્પષ્ટ જોઇ શકાય છે. કોઇ જગ્યાએ પાણી પારા જેવું સફેદ છે તો કોઇ સ્થળે મેઘના જેવા



આસમાની રંગનું છે. તેની સામે જોઇ રહેવાથી જ આંખમાં ઠંડક વ્યાપી જાય છે. પ્રાચીન સમયના આર્યો ગંગા નદીના મહિમાથી શા માટે આટલા બધા મુગ્ધ થઇ ગયા હશે? તે જાણવાની ઈચ્છા રાખનારે પ્રત્યક્ષ ગંગા દર્શન કરવાં જોઇએ.

ગંગાનો જે સ્રોત કનખલ આગળ થઇને વહે છે તેનું નામ નીલધારા છે. રાજા દક્ષનો મણિમુક્તાથી મઢેલો મહેલ આ નીલધારા નદીના કિનારા ઉપર હતો. નદીનો સ્રોત વર્ષાઋતુમાં એ મહેલને ઘસડાઇને વહેતો અને પ્રાસાદવાસીઓ એ પ્રવાહનો, રાતદિવસ થતો ખળખળ શબ્દ સાંભળતા સાંભળતાં નિદ્રાવશ થતાં.

રાજા દક્ષને ઘણી કન્યાઓ હતી. સરોવર જેમ ખીલેલા કમળોથી અને આકાશ જેમ જ્યોતિર્મય તારાઓથી સુશોભિત થાય છે તે પ્રમાણે દક્ષ રાજાનું ભવન પણ રાજકુમારીઓના અપૂર્વ સૌન્દર્યથી સુશોભિત હતું. કન્યાનું મનમોહક રૂપ જોઇને, રાજમહર્ષિના આનંદનો પાર નહોતો રહેતો.

રાજકન્યાઓ દરરોજ નીલધારામાં સ્નાન કરવા જતી, નદીના સ્નિગ્ધ જળમાં સ્નાન કરીને એ કન્યાઓ જળક્રીડા કરતી, નદીના કિનારા ઉપરની રેતીમાં દોડાદોડ કરી મૂકતી અને નદીના પ્રવાહમાંથી રંગબેરંગી નાના નાના પત્થરોને ભેગા કરીને, ઘેર આવતી. માતા તેમને જોઇને હસતી હસતી કહેતી આપણા ઘરમાં ઘણાંએ મણિમુક્તા આદિ રત્નો ભર્યાં છે તે છોડીને તમે આ પથરાઓ શું કામ એકઠા કરો છો?

રાજકન્યાઓ કાંઇ જવાબ આપતી નહિ, પરન્તુ તેઓ મણિમુક્તા ફેંકી દઇને એ પથરાઓ વડે જ પોતાનાં રમતનાં ઘર સજાવતી.

રાજકુમારીઓ ધીમે ધીમે મોટી થઇ. હવે પ્રજાપતિ દક્ષે ઘણો મોટો સમારંભ રચીને તેમનાં લગ્ન કરી દીધાં. ઇચ્છા મુજબના વેવાઇ અને જમાઇઓ મળવાથી રાજા-રાણીના આનંદનો પાર રહ્યો નહિ. વિવાહ થયા પછી રાજકન્યાઓ એકેએક સાસરે જઇને, સુખે ઘર સંસાર ચલાવવા લાગી.

દક્ષરાજાની કેવળ એક કન્યા હજી સુધી કુંવારી રહી હતી. તેનું નામ 'સતી' હતું. સતી બધી કન્યાઓ કરતાં નાની હોવાથી માતાપિતાનું તેના ઉપર સૌથી અધિક હેત હતું. રાજા-રાણીની એવી ઇચ્છા હતી કે સતી જરા મોટી થશે એટલે બીજી બધી કન્યાઓના લગ્ન કરતાં પણ વધારે મોટા ઠાઠમાઠ સાથે ઘણા સારા પાત્રની સાથે તેને પરણાવી દઇશું.

સતીના રૂપગુણ અનુપમ હતા. દક્ષરાજાની બધીએ કન્યાઓ અનુપમ સુંદરી હતી, છતાં પણ સતીની સાથે તેમાંની કોઇની પણ સરખામણી થઇ શકે નહિ. સતીનું રૂપ, તેના શરીરના વર્ણમાં, તેના ચક્ષુ તેમજ કાનના આકારમાં નહોતું. સતીનું રૂપ તેના ભાવમાં, તેના શરીર ઉપરની દિવ્ય જ્યોતિમાં હતું. જે કોઇની દૃષ્ટિ તેના ઉપર પડતી તે અનિમેષ દૃષ્ટિથી જોયાં જ કરતો. સાધુ સન્યાસીઓ, બાલિકા સતીને જોઇને વિશ્વજનનીના રૂપનું ધ્યાન ધરતા અને એ ઉદ્દેશથી ભક્તિપૂર્વક તેને પ્રણામ કરતા.

સતીનો સ્વભાવ પણ, બીજી રાજકન્યાઓના સ્વભાવ કરતાં બિલકુલ સ્વતંત્ર હતો. બીજી રાજકન્યાઓ વસ્ત્રાભૂષણ અને ખાનપાનમાં નિમગ્ન રહેતી, પણ સતીનું તે તરફ જરા પણ ધ્યાન નહોતું. રાજકન્યાઓમાંથી કેટલીક તો મેઘ ધનુષ્યના રંગના સાળુઓ પસંદ કરતી, તો કેટલીક કમળના પત્રથી



બનાવેલા વસ્ત્રથી શરીરને અલંકૃત કરવાનું પસંદ કરતી, પણ સતીનો શોખ જુદા જ પ્રકારનો હતો. તેને ગેરૂવો રંગ પસંદ હતો. બીજી કન્યાઓના કંઠમાં મોતીની માળાઓ અને હાથમાં હીરાના કંકણ શોભી રહેતાં, પણ સતીના કંઠમાં એક શ્વેત સ્ફટિકની માળા બિરાજતી અને તેના કોમળ હાથમાં રુદ્રાક્ષના બેરખા શોભતા. બીજુ રાજકન્યાઓ શરીર ઉપર ચંદન તથા કસ્તુરીનો લેપ કરતી, પણ સતીના લલાટમાં પિતાના યજ્ઞકુંડની ભસ્મનો લેપ થતો. દાસીઓ ઘણા યત્નપૂર્વક કેશ ગુંથી આપતી પણ સતી થોડીવારમાં જ વાળને વિખેરી નાખતી અથવા તેને જટાના આકારમાં બાંધતી. રાણી લાડકી કન્યાની આવી દશા જોઇને ઘણી દુ:ખી થતી. કિશોરી કુમારી કન્યાને શરીરના અલંકારના સંબંધમાં આ પ્રમાણે બેકાળજી બતાવતી જોઇને કઇ માતાના હૃદયને દુ:ખ ન થાય? કોઇ કોઇ વખત તો એ ગુસ્સે થઇને સતીને કહેતી 'સતી, તું દિવસે દિવસે મોટી થતી જાય છે, પણ તને હજુ કાંઇ ભાન કેમ નથી આવતું? તું સરસ કપડાં પહેરતી નથી. સારાં સારાં ઘરેણા પહેરતી નથી. દાસીઓ પાસે અંબોડો વળાવતી નથી. આખો દિવસ છુટ્ટા વાળે ફરે છે. આટલી મોટી છોકરી આવું કરે, તો લોકો ગાંડી ગણી કાઢે. એવી છોકરીને કોઇ પરણે નહિ. તું ક્યાં સુધી આવી અણસમજુ રહીશ?'

સતીએ હસીને માતાને કહ્યું 'બહુ સારૂં કોઇ નહિ પરણે, તો હું તમારી પાસે જ રહીશ.' માતાને તો તેણે આવો જવાબ આપ્યો, પણ મનમાં ને મનમાં તેણે કહ્યું. 'જે કોઇ વસ્ત્રાભૂષણ અને અંબોડાની છટા જોઇને જ મારા સંબંધી વિચાર બાંધશે તેની સાથે હું કદિ નહિ પરણું.'

રાજા દક્ષ પણ સતીની આવી વર્તણૂંક જોઇને દિલગીર થતાં, પરન્તુ સતી સરળતાની મૂર્તિ હતી, આનંદમયી દેવી હતી. એટલે તેને ધમકાવવાની દક્ષરાજાની પણ હિંમત ચાલતી નહિ. સતીમાં એક બીજો પણ દોષ હતો. એ ઘણી જ રિસાળ હતી. એને કોઇ જરા ધમકાવતું તો એના કમળ જેવા નેત્રોમાં આંસુ ભરાઇ આવતાં, સતીની આ દશા જોઇને, દક્ષરાજા પોતાની રાણીને વારે ઘડીએ કહેતા કે આપણી છોકરી તો ગાંડી છે. ઈશ્વર કોઇ ગાંડા સાથે એનું પાનું ન પાડે તો સારૂં.

ધીમે ધીમે સતી વિવાહ યોગ્ય થઇ, એટલે રાજાએ તેને માટે વર શોધવા માટે, દેવર્ષિ નારદને બોલાવીને કહ્યું, "નારદ, તમે બધે ફરતા ફરો છો. ગરીબ, તવંગર, ગૃહસ્થાશ્રામી અને સંન્યાસી બધા વર્ગમાં તમારો પરિચય છે. તમારા મિત્રોની સહાયતાથી આપણી સતીને માટે કોઇ યોગ્ય વર શોધી લાવો તો ખરા."

'જેવી આજ્ઞા' કહીને નારદ શોધ કરવા નીકળ્યા અને ઘણી તપાસ કર્યા પછી કનખલ આવીને રાજારાણીને મળીને જણાવ્યું, "મેં આપની સતીને માટે એક ઘણો સારો વર શોધી કાઢ્યો છે. સતીને લાયક એના કરતાં સારો વર મેં બીજો કોઇ જોયો નથી."

દક્ષે ઉત્કંઠાપૂર્વક પૂછ્યું 'એ કોણ છે?'

નારદે જવાબ આપ્યો 'કૈલાસ નગરીનો રાજા.'

સાંભળતાં વાર જ દક્ષનું કપાળ ઊંચુ ચઢ્યું. પણ તે કાંઇ પણ જવાબ આપે તે પહેલાં રાણી બોલી ઉઠી "કૈલાસ નગરી? એ તો ઘણી દૂર છે. રસ્તો ઘણો વિકટ છે. સતીને એટલે દૂર પરણાવીએ તો વારે ઘડીએ અમારાથી તેને મળી શકાય નહિ.



વારે ઘડીએ તેના સમાચાર પણ પૂછાવાય નહિ."

નારદે કહ્યું, "રાણી, તમારે શી વાતનો અભાવ છે કે ઇચ્છા હોય છતાં દૂર હોવાને લીધે તમે સતીને મળી ન શકો? ગાડી, ઘોડા, રથ, હાથી, વિમાન જે કાંઇ જોઇએ તે તમારી સેવામાં હાજર છે. તો પછી એવું ખોટું બહાનું કહાડવાથી શો લાભ? વળી તમારી કન્યાને તમે વારે ઘડીએ મળ્યાં કરો એ સારું, કે એને સારો વર મળે એ સારું? તમારી સતી સુખી થાય તો પછી તમે તેને મળી ન શકો તોપણ શો વાંધો? પુત્રીને સુખી જોઇને જ માબાપે તો સંતોષ માનવો જોઇએ."

રાજારાણી બન્નેને નારદઋષિની સલાહ સાચી લાગી, દક્ષે નારદને પૂછ્યું 'એ તો ઠીક પણ વરની વિદ્યા તથા બુદ્ધિ કેવાં છે?

નારદે કહ્યું 'વિદ્યા તથા બુદ્ધિમાં એમની તુલના કરે એવું કોઇ નથી. વેદ, પુરાણ તંત્ર વગેરે કોઇ પણ શાસ્ત્ર કે વિદ્યા એવાં નથી કે જેમાં એ પ્રવીણ ન હોય. તેમની બુદ્ધિ કેટલી પ્રબળ છે તેની કલ્પના તમે એટલા ઉપરથી જ કરી શકશો કે તેમની પાસેથી સ્વયં વસિષ્ઠમુનિએ ઋક્, યજુ, અને સામવેદનો, તથા પરશુરામે, ધનુર્વિદ્યાનો અને મેં ગાન્ધર્વવિદ્યાનો અભ્યાસ કર્યો છે.

દક્ષનું મુખ પ્રફુલ્લિત થયું. તેણે કહ્યું. વરનું બળ તથા વીર્ય કેવું છે?'

નારદ:—પિનાક ધનુષ્ય ઉપરથી જ તેમના બળનો પરિચય મળી આવશે. તેમાં દોરી પરોવવી તો ક્યાં ગઇ, તેને ઉંચકવા જેટલી શક્તિ પણ બીજા કોઇનામાં નથી. ત્રિપુરાસુર રાક્ષસ પિનાક ધનુષમાંથી નીકળેલા તીરથી મરણ પામ્યો હતો.

રાણીએ પૂછ્યું 'એ દેખાવમાં કેવા છે?'

નારદઃ–એમના રૂપનું પૂછવું શું? રુષ્ટપુષ્ટ લાંબુ પહોળું શરીર, ઘુંટણને અડકે એવી લાંબી ભૂજાઓ, વિશાળ નયનો, ગૌર તેજસ્વી વર્ણ, સદા પ્રસન્ન મુખારવિન્દ, એ બધાં વાનાં બીજા કોઈનામાં જોવાં મળતાં નથી. એવું રૂપ સતીની જમણી બાજુએ બિરાજવાને જ યોગ્ય છે.

સતીની સખી વિજ્યા કામ પ્રસંગે રાણીની પાસે આવી હતી, તે સતીના વિવાહની વાત ચાલતી હોવાથી સાંભળવા માટે ત્યાંજ બેઠી હતી. નારદમુનિની આ પ્રશંસા સાંભળ્યા પછી એ દોડતી દોડતી સતીની પાસે ગઈ અને કહેવા લાગી, "સતી, તારી મનોકામના સિદ્ધ થશે. તું આટલા દિવસ જેમની પૂજા કરી રહી હતી તેજ કૈલાસપતિ સાથે તારો વિવાહ કરવાની ગોઠવણ થઈ રહી છે."

સતી કાંઈ પણ બોલી નહિ. ફક્ત પોતાના બે હાથ જોડીને ઊંચે મોંએ સર્વવ્યાપી પરમેશ્વરને પ્રણામ કર્યાં.

આ બાજુ રાણીએ નારદને પૂછ્યું 'વરની ધનસંપત્તિ કેવી છે?'

નારદે કહ્યું 'કૈલાસનગરમાં અઢળક રત્ન દાટી મૂકેલાં છે. યક્ષરાજ કુબેર તેમના ભંડારી છે.'

આથી વધારે પરિચય આપવાની જરૂર પડી નહિ રત્નની શોખીન કઈ સ્ત્રીએ કુબેર ભંડારીનું નામ નહિ સાંભળ્યું હોય? હીરા, મોતી, માણેક, પોખરાજ વગેરે જાતજાતનાં રત્નો કુબેરના ભંડારમાં જેટલાં હતાં તેટલાં એ વખતે ક્યા રાજાની પાસે હતાં એ કુબેર જેનો ભંડારી છે તે રાજાના માત-પિતા, ભાઈ બેન,



એ બધાંને તમે ઓળખો છો?'

નારદે હાસ્યપૂર્વક કહ્યું 'વરમાં કેવળ એક ખોડ છે. એને સગું વહાલું કોઈ નથી. પણ રાણી, એથી દિલગીર થવાને બદલે ખુશી થવું જોઈએ. કારણકે પરણીને તરત જ આપણી 'સતી' ઘરની સ્વતંત્ર ધણિયાણી થઈ પડશે.

(અપૂર્ણ)

## શ્રદ્ધાંજલિ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પૂર્વાશ્રમના મામા–તેમજ પૂ. માતાજી જ્યોતિર્મયીના વડીલ બંધુ શ્રી રમણલાલ ત્રિભુવન વ્યાસનો સ્વર્ગવાસ સપ્ટે. '૮૯માં થયો. તેઓ વડીલ હોવા છતાં પૂ. શ્રીને તેઓના સાધનાકાળથી ઓળખી શકેલા અને તેઓના પ્રત્યે એક સંત મહાત્મા તરીકેનો આદર ને પૂજ્યભાવ ધરાવતા. પૂ. શ્રી પણ તેઓ તરફ સારો આદરભાવ ધરાવતા. એવા એક આપ્તજનની વિદાય પરિવારના સહુ સભ્યો તેમજ બેન અમિતાને મોટી ખોટ રૂપ જણાય એ સ્વાભાવિક છે. પ્રભુ તેઓના આત્માને શાન્તિ આપે તેમજ સહુ આપ્તજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે એજ અભ્યર્થના.

# પરમ સમીપે (૪)

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

અમારી તીર્થયાત્રા ચાલી રહી છે. પરંતુ અમે તો બેઠા છીએ એ તીર્થોત્તમના ચારુ ચરણોમાં. કેવાં છે એ ચરણકમળ? એ તપઃપૂત શ્રી ચરણોમાં ક્યારેય શ્રાદ્ધાપૂર્વક શીશ નમાવ્યું છે? રેરે! પરંતુ એ પુણ્યભાથુ ક્યાં લેવા જવું? એટલે પૂ. શ્રી યોગેશ્વરજીએ ગાયું છે:–

સત્કર્મ કોઇક જનનાં જગમાં ફળે છે,
ત્યારે જ ચિત ચરણે મધુરાં મળે છે.
ગાવા ગમે ગુણ સદાય પછી તમારા,
મા સર્વેશ્વરી નમન હો શતવારા મારા.

એકવાર પણ એ શ્રાદ્ધા જાગી જાય તો પછી કબીરસાહેબ કહે છે તેમઃ–

કહત કબીર સુનો ભાઇ સાધો,
ભટકત કૌન ફિરે હમારે,
તીરથ કૌન કરે હમારે.

અમારી દશા પણ કંઇક આવી છે. તીર્થયાત્રાએ નીકળ્યા છીએ એટલે દેવદર્શનનો પુણ્ય લાભ પામીએ છીએ એ વાત ખરી, પરંતુ અમારી અંતર્યાત્રા તો ફક્ત ચાલી રહી છે નિરંતર એ પાવન પદપંકજની! એજ અમારું મંગલ મંદિર, એજ અમારું તીર્થ સનાતન. કેવી રીતે એના મહિમાનું ગાન કરવું એજ કંઇ સૂઝતું નથી.



આજે તા. ૪, માર્ચ '૮૯ શીરડીથી અમે ઔરંગાબાદ આવી ગયા છીએ. આજે એકાદશી છે. પૂ. માને આજે નિર્જળા ઉપવાસ છે. થકવી નાંખે એવા લાંબા પ્રવાસો હોય કે મુંબઇના ધમાલભર્યા વાતાવરણ વચ્ચે સત્સંગના કાર્યક્રમો માટે આખો દિવસ ખડે પગે રહેવાનું હોય, શરીર પણ સાથ ન આપતું હોય, તેમ છતાં પૂ. માની તપની તીવ્રતામાં ક્યારેય ઊણપ આવતી નથી. નથી અહીં એકાંત જંગલ કે ગુફા, નથી ગંગા કે હિમાલયનો પ્રશાંત પ્રદેશ, છતાં તલસાટ છે ગૌરીનો શંકરને પ્રાપ્ત કરવાનો, એકાગ્રતા મધુવનમાં તપતા ધ્રુપની. દૃઢતા છે પ્રહ્‌લાદની પિતા સામે હરિદર્શન માટે મોતના મુકાબલાની. પૂ. માના જીવનદર્શનની આજ ખૂબી છે. એ પતિતપાવન જીવનનું સમ્યક્ દર્શન કરતાં શીખીએ તો પણ એ તીર્થ દર્શનથી વિશેષ નથી શું?

અમે અહીં આવ્યાં છીએ અજંતા ને ઇલોરાની ગુફાઓમાં સંસ્કૃતિ દર્શન કરવા, પરંતુ જે મહાપુરુષોના ભવ્યાતિભવ્ય જીવન પરથી આ સંસ્કૃતિઓનું સર્જન થાય છે તેના પ્રેરણાદાયી વારસોને પચાવવાની ટેવ પાડવાની ખેવના આપણે ક્યારેય રાખી છે? ભારતીય સંસ્કૃતિના યશોજ્જ્વલ વારસાને દીપાવતું પરમોજ્જ્વલ આધ્યાત્મિક જીવન આજે પણ આપણી આંખો સામે જ જીવાઇ રહ્યું છે, પરંતુ આપણે જ સમ્યક્ દૃષ્ટિ ગુમાવી બેઠા છીએ તેનું શું? એ તરફ મીટ માંડીશું તો પછી નિરર્થક દોડધામ નહીં રહે. પૂ. માનું પદે પદે પ્રકટતું જીવનદર્શન આપણાં સૌના માટે સનાતન શાંતિ આપનારું છે, એમાં ક્યાં શંકાને સ્થાન છે? જે શાંતિ માટે આપણે જીવનને સંગીતથી મઢીએ છીએ, કલીથી શણગારીએ છીએ, વૈભવથી

પોષીએ છીએ તે શાંત પૂ. માની સાધુચરિત જીવન ગંગોત્રીમાંથી અસ્ખલિત વહ્યાં કરે છે. એટલે જ એ શ્રી ચરણોની પ્રીતિ જેના અંતરમાં પ્રગટી ગઇ તેણે જીવનનાં આનંદથી જીવનને ભર્યું ભર્યું કરી લીધું, એમ સમજી લેજો.

આપણે હમણાં હમણાં એ શ્રી ચરણોમાંથી પ્રકટતી પાવન ગંગોત્રીમાં સ્નાન કરી રહ્યાં છીએ. ચાલો માણીએ એ સ્નાનની મોજ. નિરંતર એ પ્રેમ પારાવારમાંથી ઉછળતા વાત્સલ્ય વારિમાં છોકરાઓ ડૂબી રહ્યા છે. જુઓને આજે પૂ. માને નિર્જળા એકાદશી છે. સાથે સાથે છોકરાઓને પણ જાણે અગિયાર રસ માણવાની અનોખી એકાદશી! એકાદશી છોકરાઓને કરવાની પરંતુ તેમને વળી ફરાળમાં શું ખવડાવવું તે પૂ. માને ચિંતા. પૂ. મા ફક્ત ચિંતા કરી બેસી ના રહે. જ્યાં સુધી કંઇ વ્યવસ્થા ન થાય ત્યાં સુધી પૂ. માને નિરાંત ન વળે. અમે અહીં ઇલોરાની ગુફા જોવા આવ્યા છીએ પરંતુ એ પહેલાં ઔરંગાબાદથી નીકળ્યા ત્યારે જ સૌ બટુકો માટે જાતજાતના ફળના થેલા ભરાવી લીધા છે. અમને તો આ કંઇ ખબર જ નથી. અમે સૌ ગુફાઓ જોવા ગયા પરંતુ પૂ. મા તો બસમાં જ બેઠાં છે. કારણકે તેઓએ આ પહેલાં આ ગુફાઓ બે વખત જોઇ છે. અમે ગુફાઓ જોઇને પ્રાચીન ભારતીય સંસ્કૃતિની ભવ્યતાને વાગોળતા વાગોળતા બસ પાસે આવ્યા ત્યાં પૂ. માનો હુકમ છૂટ્યો "ચાલો, લાઇનમાં આવી જાઓ," હવે અમે પૂ. માને થોડા ઓળખતાં શીખી ગયા છીએ અને એ પણ ખવડાવવાની બાબતમાં. અમારાં મોમાં પાણી છૂટવા માંડ્યું કે કંઇક ખાવાનું મળશે, ત્યાં તો પૂ. માએ પોતાના સ્વહસ્તે સૌને ફળોની સમારીને તૈયાર રાખેલી ડીસો આપવા માંડી. અમારા



પંદરેયના હાથોમાં ફળોની ડીસો ચિક્કાર ભરેલી છે. અને પૂ. મા એવા જ ચિક્કાર પ્રેમરસથી ભરેલા અંતરથી હાસ્ય વેરતાં કહે "ખાલી કરો એટલે બીજું આપું" પૂ. મા ફક્ત ખવડાવતાં નથી પરંતુ ભરપેટ ખવડાવે છે. આપણે ધરાઇ જઇએ છીએ પણ પૂ. મા ખવડાવતાં ક્યારેય ધરાતાં નથી. ક્યારેક તો નજર ચૂકવીને ભાગી જવું પડે છે, પરંતુ એ પ્રેમ નજરમાંથી છટકી શકાતું નથી. પૂ. મા નામ દઇને ફરી બોલાવે અને ખવડાવ્યેજ છૂટકો કરે. ખડખડાટ હાસ્ય સાથે બસમાંથી ઉતરતાં પૂ. મા કહે, "છે હવે કોઇ બાકી" ત્યાં સામે જ વાંદરાઓને જોતાં કહે "આ રહ્યા ભાઇબંધો બાકી" મંગળાબેનનો પુત્ર રાજેશ ઇંગ્લેન્ડથી આવ્યો છે. તેને વાંદરાઓ સાથેની ગમતમાં ખૂબ આનંદ પડયો એટલે પૂ. માએ કહ્યું "રાજેશ, લાવ શીંગચણા મારી પાસે" અને પૂ. મા પોતાના સ્વહસ્તે વાંદરાઓને ખવડાવવા લાગ્યાં. એક પછી એક શીંગચણાનાં પેકેટો આવતાં ગયાં અને પૂ. મા ખવડાવતાં ગયાં, કોણ થાક્યું છેવટે? પ્રેમથી ખવડાવનારા ક્યારે થાક્યા નથી, પોતે જે થાળી પર જમવા બેઠા હોય અને એજ થાળી ઓચિંતા આંગણે આવેલા અતિથિને એજ પરમ સંતોષ અને પ્રસન્નતાથી અર્પણ કરતા ભગવાન જલારામ ક્યારેય થાક્યા ન હતા. અહીંયાં પણ છેવટે ખાનારા જ થાક્યા, છોકરાઓ ને વાંદરાઓ બેય!

કોણ કરી શકે આ બધુ? મા જ કરી શકે. પાંચ પાંચ વર્ષથી જે ઉદરમાં અનાજનો કણ ગયો નથી. એમાંથી જ બીજાઓ માટે અન્નદાનની સરવાણિ વહી રહી છે. ઉપવાસ પૂ. માને કરવાના પરંતુ બીજાની ભૂખ માટે ચિંતિત રહેવું એ કંઇ નાનીસૂની વાત નથી. ભરપેટ જમે છોકરાઓ અને એનો પરમ

સંતોષ, પ્રસન્નતા પ્રકટે એ વિમલ વદનપર! પરમાત્માના પ્રેમસ્વરૂપ વિના આ સામર્થ્ય શક્ય નથી. ગુરુદેવ પ્રભુ આ પરમ શક્તિનો મહિમા ગાતાં લખે છે:–

તમ જનોની વનસ્થલી શું,
અમૃત ફળ જેવું;
ભૂખ્યાનું ભોજન છે ભારે,
અક્ષય નિધિ એવું;
સુહાયે માનું મુખ કેવું!
મધુથી મઢેલું જ્યોતિ જડેલું,
જીવનદાન જેવું.

કામધેનુ કે કલ્પવૃક્ષની કલ્પના ભલે રોમાંચક લાગતી હોય, પરંતુ પૂ. મામાં તે સાકાર બની છે, તે હકીકત છે.

અમે જોવા નીકળ્યા છીએ અજંતા ને ઇલોરાની ગુફાઓ પરંતુ પૂ. માના અંતરની પ્રેમગુફા પર અંકિત થતાં તપ, ત્યાગ, સમર્પણ, શ્રદ્ધા, પ્રેમ, કરુણા, ભક્તિ, માધુર્ય અને શાંતિના સુંદર, મનહર જીવંત ચિત્રો નિહાળવામાં જ જાણે બધું જ ભૂલાઇ જાય છે.

પૂ. મા જતાં જતાં છેક દૂર આવેલી ઇલોરાની બે ગુફાઓ જોવા જાતે પધાર્યાં છે. ગુફાઓ બંધ થવાને દશ મિનિટની જ વાર છે. છતાં ત્યાં હાજર રહેલા ગાઇડે ગુફાઓ બંધ કરવાને બદલે અમને પ્રેમથી આવકાર્યા અને થોડો વધુ સમયનો ભોગ આપીને પણ સરસ માર્ગદર્શન આપી એ જૈન ધર્મ આધારિત અતિ સુંદર ચિત્રો ને કથા વસ્તુ સાથે સમજાવ્યા. સારા પ્રામાણિક માણસો ભલે સમાજમાંથી અદૃશ્ય થતા લાગે, પરંતુ છેક તેનો અભાવ તો નથી તેવી સરસ છાપ તે ગાઇડનું



વર્તન જોતાં અમારા પર પડી. તરત જ પૂ. માની અંતરગુહામાં કરુણાનું જીવંત ચિત્ર ઉપસી આવ્યું. અમે જોયું તો એ પ્રવાહિત કરુણા પર્સમાંથી લક્ષ્મી સ્વરૂપે ચાલી નીકળી. પૂ. માએ બંને ગાઇડોને બસો, બસો રૂપિયાની આર્થિક મદદ કરી. પૂ. મા તે બંને માણસોની સાચી નિષ્ઠા અને સહાનુભૂતિ જોઇ ખુશ થયાં હતાં. એ બંનેના જીવનમાં એ પ્રભાત ભલે ગમે તેવું પ્રકટ્યું હોય, પણ સંધ્યા તો એક સંતના સાન્નિધ્યમાં આથમીને પણ ઊગી હતી. વિદાય વખતે એ શ્રી ચરણોમાં કરેલા પ્રેમપૂર્વક પ્રણામ એ ભાવનાને મૂર્તિમંત કરતા હતા.

ઇલોરાની ગુફાઓ જોઇ અમે સંધ્યા સમયે ત્યાં નજીક આવેલા ધુષ્ણેશ્વર મહાદેવના જ્યોતિર્લિંગના દર્શને આવ્યા છીએ. અહીં બસમાંથી નીચે ઉતરતાં પૂ. માએ સાવચેતી ભરી હળવી ટકોર સાથે સાવધાનીનો પાઠ ભણાવ્યો. સામાન્ય રીતે જ્યાં બસ ઊભી રહે ત્યાં સૌ બસના બારી બારણાં ખુલ્લાજ મૂકીને નીચે ઉતરી જાય. પૂ. મા છોકરાઓની આ કુટેવ પ્રત્યે ધ્યાન દોરતાં કહે "આજની પરિસ્થિતિમાં સાવધાન રહેવું જરૂરી છે. બેદરકારી પૂર્વક બારણાં ખુલ્લાં મૂકીને નીચે ઉતરી જવું તે યોગ્ય નથી. જો સાવચેત નહીં રહો તો લૂંટાઇ જવાનો પૂરો ભય છે." સૂચનની ગંભીરતા સાથે હાસ્ય રેલાવતાં કહે "તમને બારી બંધ કરવાનું યાદ કરવા બદલ હવેથી મને ચાર્જ આપવાનો રહેશે, શિક્ષા વિના સીધા નહીં થાવ."

ધુષ્ણેશ્વર મહાદેવના મંદિરમાં દાખલ થવા એક નાની બારીમાંથી પસાર થવું પડે છે. એ જોતાં સુરેશભાઇ બોલ્યા "મા, આવડા મોટા તીર્થસ્થાનનો દરવાજો આટલો સાંકડો અને નાનો હોય તો લોકોને બહુ જ તકલીફ પડે" પૂ. મા કહે

"નમ્રતાનો પાઠ આ નાનકડો દરવાજો શીખવે છે. જે નીચા નમી શકે, નમ્ર થઇ શકે તેજ પ્રભુના દરબારમાં જઇ શકે." "જેની ગરદન થઇ ગઇ ઢીલી રે, તેજ વિઠ્ઠલને વરતો." નાનો દરવાજો રાખવાનું કારણ ગમે તે હોય પરંતુ આપણે તો તેમાંથી નમ્રતાનો પદાર્થપાઠ શીખવાનો કેવી વિધાયક દૃષ્ટિ!

સૌ છોકરાઓ સહિત પૂ. મા જ્યોતિર્લિંગના દર્શને પધાર્યાં છે. મંદિરના નિયમ પ્રમાણે દર્શનાર્થી પુરુષોએ પોતડી પહેરી ખુલ્લા શરીરે ગર્ભદ્વારમાં પૂજાવિધિ માટે જવું પડે છે. બધા જ બટુકો ખુલ્લા શરીરે શિવલીંગની આસપાસ ગોઠવાઇ ગયા છે. ધૂપ, દીપ, ચંદન અને પુષ્પોથી પૂજાસ્થાન શોભી રહ્યું છે. વાતાવરણ એવું સુંદર લાગે છે કે જાણે કોઇ તપોવનમાં ઋષિકુમારો વેદમંત્રો ઉચ્ચારતા યજ્ઞયાગ કરતા ન હોય! પૂ. મા તો આ ભક્તિમય વાતાવરણ અને ખુલ્લા શરીરે પૂજાવિધિ કરતા બટુકોને જોઇ જાણે ખુશખુશાલ! પૂજાવિધિ કરાવતા ગોરમહારાજ દરેક બટુકને પૂછે છે "તમારું ગોત્ર શું? કુળ શું?" બટુકોને બદલે પૂ. મા જવાબ આપતા કહે "આતો યોગેશ્વર પરિવારના બટુકો તેમનું ગોત્ર યોગેશ્વર અને કુળ પણ યોગેશ્વર." એકાદ કલાક આ આનંદોત્સવમાં ક્યાં પસાર થઇ ગયો તે પણ ખબર ન પડી. તીર્થસ્થાનના પવિત્ર વાતાવરણ વચ્ચે કેટલીક ક્ષણો ભાવભક્તિથી ભીની થઇ જાણે અમર થઇ ગઇ! અહીંના શ્રાદ્ધાભક્તિ ભર્યા વાતાવરણથી પ્રસન્ન થઇ પૂ. મા સુપાત્ર બ્રાહ્મણોને પાંચસો રૂપિયાનું ધન કરે છે. વિદાય લેતા પૂ. મા જ્યોતિર્લિંગને નીચે મસ્તક લગાડી પ્રણામ કરી સંસ્કૃત શ્લોકોથી સ્તુતિ કરે છે. એક પવિત્ર તીર્થસ્થાનના શાંતિમય વાતાવરણ વચ્ચે અમને દર્શન, વંદનનો અદ્ભુત લ્હાવો માણવા



મળ્યો.

પૂ. મા વિરલ છે. વિભુતિઓથી સંપન્ન છતાં જાણે તેનાથી તદ્દન અળગાં! પૂ. માનું વ્યક્તિત્વ એટલું તો સરળ કે જો આપણે તદ્દન સરળ ન બનીએ તો તે સરળતાના રહસ્યને પામી શકાય નહિ! પૂ. માની કેટલીક ગમ્મતો તો ખરેખર બાળસહજ લાગે. અત્યારે જ જુઓને અમે અમારી બસની નિયત સીટપર બેસવા ગયા તો ત્યાં બહેનો બેઠેલી. અમને એમ કે અમે જઇશું એટલે પોતાની સીટ પર ચાલ્યાં જશે. અમારા આશ્ચર્ય વચ્ચે અમે તો સીટ પાસે ઊભા પણ કોઇ ઊભાં જ ન થાય! અમે તો પડ્યા મૂંઝવણમાં! અમે પૂ. મા સામે જોયું તો પૂ. મા તો ગંભીર! અમને થયું કે કંઇક શિક્ષા થવાની! ત્યાં તો સદાય હસતું મુખડું મલકી ઉઠ્યું. "જાઓ, આગળ તમને સૌને પ્રમોશન આપવામાં આવે છે." અને એ સાથે જ નિર્દોષ હાસ્યથી બસ ગુંજી ઉઠી. કેવી બાળ સહજ નિર્દોષ ગમતો ઉઠે છે એ બાળ સહજ હૈયામાંથી! ક્યારેક આમ અચાનક જગ્યાઓ બદલી આનંદ કરાવે, તો ક્યારેક છોકરા છોકરીઓને અલગ અલગ બેસાડે તો વળી ક્યારેક પરણેલા છોકરા છોકરીઓને પાસે પાસે બેસાડી ગમ્મતની મોજ ઉડાવે. કેવો છે આ નિર્દોષ આનંદ! મા જેમ હાથમાં ચોકલેટ ઊંચી રાખીને કહે 'લે આ ચોકલેટ' એટલે બાળક એ ચોકલેટ લેવા પેલા શિયાળની જેમ કૂદકા મારે, જ્યારે માને એમ લાગે કે હવે થાક્યો છે ત્યારે તેને તેડી લઇ મોઢામાં ચોકલેટ આપે. તેમ અહીં પણ પૂ. મા બાલસહજ પજવણીનો આનંદ માણે અને કરાવે. કેવી છે આ દિવ્યમાતા અને બાળકોની આનંદ સૃષ્ટિ!

ચાલો આજતો પૂ. માના બાલસ્વરૂપનો જ આનંદ

માણીએ. પૂ. માનું બાલસ્વરૂપ જોતાં બાલમુકુંદની બાળલીલાનો અદ્‌ભુત આનંદ આંખ સામે તરવરી ઉઠે. એ બાલસખાઓને બાલમુકુંદનો ભગવાન હોવાનો ભાર ક્યારેય લાગ્યો નથી. અહીં પણ પૂ. માનું બાલસ્વરૂપ જોતાં એમ પ્રશ્ન થાય કે શું સમશૃંગિમાં અલૌકિક અનુભૂતિ આપનાર એ પરમશક્તિ છે? ચાલો પાછા એ નિર્દોષ, નિર્ભય પ્રેમસૃષ્ટિમાં ખોવાઈ જઈએ. આપણી બસ ધુષ્ણેશ્વર મહાદેવના મંદિરથી નાગનાથ મહાદેવના દર્શને દોડી રહી છે. અમે જોયું તો પૂ. મા અચાનક એકલાં એકલાં હસી રહ્યાં છે. અમને તો આશ્ચર્ય થાય છે કે આ કોઈ દિવ્ય અનુભૂતિનો આવિર્ભાવ તો નથીને? ત્યાંતો એ મંદ હાસ્ય ખડખડાટ હાસ્યમાં પલટાઈ ગયું. અમે તો જાણે દિગ્મુઢ! અમે કાંઈ કારણ શોધી શકીએ એ પહેલાં તો પૂ. મા પલંગપર હસીહસીને બેવળ વળી જતાં લાગ્યાં! ઘડીક આ બાજુ તો ઘડીક પેલી બાજુ પેટ પકડીને ઢળી જતાં લાગ્યાં. અમે પૂ. માને પૂછીએ છીએ કે મા, શું છે? પણ પૂ. મા તો હાસ્યની એ આંધિમાં જવાબ પણ આપી શકતાં નથી! મંગળાબેન તરફ હાથ લાંબો કરીને કંઈક બોલવાનો પ્રયત્ન કરે પણ એ હાસ્યનું આક્રમણ એટલું બળવાન કે બીજા કોઈ ભાવને મુખ પર પ્રગટ જ ન થવા દે! અમને એમ થયું કે આ હાસ્યના આક્રમણમાં જો પૂ. માના પેટમાં કંઈ આંટીબાંટી પડી જશે તો ઉપાધિનો પાર નહીં રહે! તમને એમ થશે કે એવું તો શું બન્યું કે પૂ. મા પોતાનું અસ્તિત્વ જાણે ભૂલી ગયાં! પણ એ કારણ જાણવાને બદલે અમને એમ જ થતું કે બસ પૂ. મા હસ્યાં કરે અને આપણે જોયાં જ કરીએ. અર્જુને ભલે વિશ્વરૂપ દર્શન કર્યું હોય પણ આવું હરિનું હાસ્યરૂપ દર્શન તો



તેના ભાગ્યમાં નહોતું. પૂ. મા ત્યાં મા નહોતા રહ્યાં પણ એક ખીલખીલાટ હસતી નિર્દોષ, પ્રેમાળ બાલિકારૂપે પ્રકટ થયાં હતાં, જ્યારે કળ વળી ત્યારે પૂ. મા માંડ એટલું બોલી શક્યા કે આ મંગળાબેન એક દાંડલી તૂટેલા ચશ્માથી વાંચે છે! બન્યું એમ હતું કે મંગળાબેનની ચશ્માની એક દાંડલી તૂટી ગયેલી તેથી એક દાંડલીના આધારે ચશ્મા ટેકાવી વાંચતાં હતાં. બસ પૂ. માના આ અલૌકિક હાસ્ય પાછળ આ દૃશ્ય કારણભૂત હતું! મંગળાબેન બરાબર પૂ. માની સામે જ બેસતાં અને ચશ્માની એક દાંડલી તૂટી ગયેલી એટલે ગમે તેમ ચલાવી લઈને પોતાનો નિત્યપાઠ કરતાં હતાં, પણ ચશ્માની તૂટેલી દાંડલી અને મંગળાબેનનું ધ્યાનસ્થ વાંચનનું દૃશ્ય પૂ. માના બાલસ્વરૂપને પ્રકટ કરવા પૂરતું હતું. જેમ નાનો બાળક પોતાના દાદાની ભાંગેલી લાકડી કે ફાટેલી ટોપી જોઈને તાળી પાડતું બોલી ઉઠે કે "એ...એ....દાદાની ટોપી ફાટેલી, દાદાની લાકડી ભાંગેલી!" બસ બાળકના નિર્ભેળ હાસ્ય પાછળ આટલું નિર્દોષ કારણ તો તેને ખીલખીલાટ હસતું કરી મૂકે! અહીં પૂ. મા કંઈક આવા બાળક બની ગયાં હતાં! નિર્દોષતા પ્રગટ થવા માટે નિર્દોષ બહાનું શોધતી હોય છે, જે અહીં પૂ. માને મળી ગયું. બાળક થવું એ સાધનાની પરાકાષ્ઠા હોય એવું નથી લાગતું? પૂ. માનું આજનું શીશુસમ રમતિયાળ સ્વરૂપદર્શન એ પ્રભુના બાલસ્વરૂપનું દર્શન નહીં તો બીજુ શું?

આજે પૂ. માના બાલસ્વરૂપના દર્શન સાથે કેટલીક બાલજીવનની પ્રેરણાદાયી વાતો પણ સાંભળીએ. આજે કંઈ સહજ રીતે પૂ. માએ પોતાના બાલજીવનને યાદ કર્યું છે. પૂ. મા કહે "અમે નાના હતાં ત્યારે કંઈક વધારે મિજાજી અને હઠીલા

સ્વભાવનાં હતાં. અમને શાળામાં બહુ ગમતું નહીં તેથી ઘણી વખત બ્યારાથી કપૂરા એકલાં જ ચાલીને આવતાં રહેતાં. એક વખત આ રીતે શાળા છોડીને આવવા બદલ પૂ. બાએ ગુસ્સામાં આવી એક તમાચો અમને માર્યો, અને અમે રીસાયાં. ઘરમાંથી બહાર નીકળી ફળિયામાં દૂર એક બત્તીનો થાંભલો હતો તેની નીચે બેસી ગયાં. ઘરનાં બધાએ આવી અમને મનામણાં કર્યા પણ અમે માનીએ શેનાં? જમવાનો વખત થયો તો પણ અમે તો અડગ! સૂવાનો સમય થયો તો પણ અમે એકનાં બે ન થયાં. બધા કંટાળીને છેવટે સૂઇ ગયાં. ઘરમાંથી અમારા પર જાસુસી ચાલે. હવે તો રાત પડી ગઇ. ચારે બાજુ કુતરાઓનો ભસવાનો અવાજ આવવા લાગ્યો. અમને ડર લાગવા લાગ્યો એટલે બત્તીના થાંભલા પાસેથી ઊઠીને ધીમે પગલે ચાલીને ઓસરીમાં બેસી ગયાં પણ ઘરમાં તો નજ ગયાં તે નજ ગયાં. રાત્રે છેવટે થાકીને ઊંઘી ગયાં ત્યારે વડીલોએ અમને ઊંચકીને ઘરમાં સુવડાવ્યાં. આ હઠાગ્રહી સ્વભાવની પાછળ અમારા દૃઢતાના સંસ્કારો હતા. જે આજે અમારા આધ્યાત્મિક જીવનમાં આધારસ્તંભ સમા બની ગયા છે. અમારા બાળસહજ હઠીલા સ્વભાવ છતાં પણ અમે અમારા ધાર્મિક સંસ્કારોને પણ એવાં જ વળગી રહેતાં. દરરોજ સ્નાન કરીને દેવસ્થાનમાં દેવસ્વરૂપોને તેમ જ માતાપિતાને પ્રણામ કરવાનું અમારું વ્રત નિયમિત ચાલતું. આ વિધિ અમે અમારી મેળે જ કરતાં" પૂ. માનું વર્તમાન જીવનદર્શન કરતાં આપણે જોઇ શકીએ છીએ કે પૂ. માએ આ સુસંસ્કારોનો કેટલો ભવ્ય વિકાસ કર્યો છે!

કેવું સ્મિત મઢ્યું પૂ. માનું આજનું લીલાદર્શન! જાણે પ્રભુનું



સુરમ્ય સંગીત ગાતી કલકલ નીનાદે વહેતી સરિતા! અતલ સાધના સાગરમાંથી ઉઠતી આ સ્મિત લહેરીઓએ વિરાટ વ્યક્તિત્વનું જાણે એક અભિન્ન અંગ બની ગયું છે.. આ પ્રેમ અને પ્રસન્નતા વિનોદ, અને વાત્સલ્ય, નેહ અને નિર્દોષતા સરલતા અને શાંતિનું ધામ એટલે પૂ. મા. આવી માની ગૌરવગાથા ગાતા કોણ થાકે? હા, મા અમને અમારી માનું એટલું તો ગૌરવ કે એ પ્રેમમયીનું ગૌરવગાનથી દશે દિશાઓને ભરી દઇએ. એના ગુણાનુવાદના મંગલ ગાનથી માનવ હૈયાને રંગી દઇએ. મા, અમારી વાત કાને ધરજે, અમારા પગમાં જોમ ભરજે, બાહુમાં બળ દેજે, હૈયામાં હામ ભરજે, મા, અમે તારા નાના બાળ, તારા જેવા થઇએ એવી કૃપા કરજે.

હેત લાવી હસાવતું, સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે, તો મા તું કરજે માફ.

(ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત – ૩૯૫ ૦૦૭.**

# બાપુજીનાં અદ્ભુત દર્શન

**જીવીબ્હેન (ખેડબ્રહ્મા)**

હું તો સાવ અભણ. સારું લખતાં યે ન આવડે ને સારું બોલતાં યે ન આવડે. ભાગ્યશાળી ખરી. સમર્થ સદ્ગુરુદેવ મહાત્મા શ્રી યોગેશ્વરજીના સંપર્કમાં આવી એ મારું મોટામાં મોટું સદ્ભાગ્ય. તેમને હું બાપુજી કહીને જ સંબોધતી. તેમની અનન્ય કૃપાથી જ મારા જીવનમાં પ્રકાશ પથરાયો છે. શ્રદ્ધાબળે જ મારું નાવ ચાલે છે. જો કે આ વિજ્ઞાનના જમાનામાં શ્રદ્ધાની વાતો કોઈ સાંભળવા રાજી નથી. કોઈ કોઈ તો વળી શ્રદ્ધાની વાતોને હસી નાંખે છે. તેમાં વળી અમારા જેવા સાવ સામાન્ય માણસની વાત સાવ સાચી બનેલી હોવા છતાં કોઈ માનવા તો ક્યાંથી તૈયાર થાય? છતાં સાધક ભાઈબ્હેનોને મેં અનુભવેલી વાત જણાવતાં આનંદ અનુભવું છું.

તમને આશ્ચર્ય લાગશે કે મારો વ્યવસાય તો પાણી પાવાનો છે. ખેડબ્રહ્માના મંદિરમાં પરબ પર બેસી જીવન ગુજરાન ચલાવું છું. પાણી પાતાં પાતાં બાપુજીનું નિત્ય સ્મરણ કર્યા કરું છું. બાપુજીના સંપર્કમાં મને લગભગ ચાલીસ વર્ષ રહેવાનું સદ્ભાગ્ય મળ્યું છે. તેમણે મારા જેવી સાવ સામાન્ય અભણ ને ગરીબ બાઈ પર અનહદ કૃપા વરસાવી છે તે આજે હું કહેવા માગું છું.

તેમનો દાઢીવાળો ફોટો મને ખૂબ ગમી ગયેલો. તેમણે



મારા મનની વાત જાણી લઈને મને તે ફોટો આપેલો તે પ્રસંગ મારાથી કેવી રીતે ભૂલાય! તે ફોટાની પૂજા ત્યારથી હું નિત્ય નિયમિત પ્રેમપૂર્વક કરતી આવી છું. પ્રાર્થના પૂજામાં સારી રીતે ચિત્ત પરોવાય જાય ત્યારે સારા સારા અનુભવો પણ મને કરાવી બાપુજીએ મારા જીવનને ઉજાળ્યું છે. સંતકૃપા કેવી હોય છે, તેનો મેં એ રીતે સારો સ્વાદ ચાખ્યો છે. મને મારી ગરીબ અવસ્થા કદી પણ કઠી નથી. સંકટ આવ્યાં છે પણ તે વેળાએ પણ યોગ્ય માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા આપોઆપ થઈ જતી મેં અનુભવી છે.

મને તેમની સાથે યાત્રા કરવાનો પણ મોકો મળ્યો હતો તે યાદ કરતાં મારું હૃદય આનંદથી નાચી ઉઠે છે. આલંદી, મુંબઈ, શામળાજી, ભવનાથ, બ્રહ્મપુરી વિગેરે સ્થળોએ લઈ જઈ મને યાદગાર યાત્રાઓ કરાવી હતી. અભણ અને ગરીબ બાઈને પ્રેમપૂર્વક યાત્રામાં સાથે લેવી તે જેવી તેવી ઘટના ન ગણાય. અભણને કોણ ગણે? ગરીબની કિંમત પણ શી? બાપુજી સામાન્ય સંત થોડા હતા? તેઓ તો પ્રભુ જ હતા. તેમણે પોતાની પ્રભુતા બાજુએ મૂકીને મને યાત્રાનો જે લાભ આપ્યો હતો તે તેમની મહાનતાની નિશાની જ ગણાય. તેમના હૃદયમાં ભક્તો પ્રત્યે ખૂબ કરુણા વહેતી તે જોવાનું સદ્ભાગ્ય મને મળ્યું હતું. દયા, ક્ષમા, કરુણા, પ્રેમ તેમની આંખોમાંથી નીતરતાં મેં જોયાં છે. મારી શ્રદ્ધાને તેથી આજે પણ ખૂબ બળ મળે છે. તેમના વચનો પર વિશ્વાસ રાખી અત્યાર સુધી મેં મારા જીવનનો પ્રવાસ કર્યો છે તે જાહેર કરતાં મને ગૌરવ થાય છે.

પરબ પર બેસીને કદી મને કંટાળો આવ્યો નથી. પાણી પાવામાં મેં હંમેશ આનંદનો જ અનુભવ કર્યો છે. બાકી પરબ

પર અનેક પ્રકારના માણસો આવતા હોય છે. સૌને ઘણે ભાગે ઉતાવળ જ હોય છે. પાણી આપવામાં થોડો પણ વિલંબ થાય તો ભાગ્યે જ કોઇ સહન કરે છે. છતાં પણ મને કોઇ ખરાબ અનુભવ થયો નથી. બાપુજીની કૃપા એવી અદ્દભુત હતી. બાપુજી સાથેના ઘણાખરા પ્રસંગોમાં મુ. નારણભાઇ જાનીની હાજરી રહેતી. તેમના પર બાપુજીનો અનહદ પ્રેમ હતો.

બાપુજીએ પોતાની લીલા સંકેલી લીધી તેની જાણ મને તો મોડી થયેલી. જ્યારે જાણ થઇ ત્યારે મન માનવા તૈયાર થતું ન હતું. વળી ગમગીની પણ થઇ. શું કરવું તેની મને તો શી સમજ પડે? હું મુંઝાતી પણ ખરી. પરંતુ પંદરેક દિવસ પછી બાપુજીએ મારા પર મહેરબાની કરી. હું તો પેલા દાઢીવાળા ફોટા પાસે બેસીને પાઠપૂજામાં મશગુલ હતી. રૂમના દરવાજા ત્યારે અરધાખૂલેલા હતા. બાપુજી જે દેહે મને પહેલાં મળતા તેજ દેહ ધારણ કરીને તે અરધાખૂલેલા દરવાજામાંથી અંદર આવ્યા ને મને કહેવા લાગ્યા:–

"શું કરો છો, જીવીબહેન? કેમ કાંઇ બોલતાં નથી?"

હું તો આ ઘટનાથી ચકિત થઇ ગઇ. ઘડીભર તો પ્રણામ કરવાની પણ સૂઝ રહી નહીં. પછી તો અચાનક વીજળીનો જાણે ઝબકારો થયો ને મેં સાષ્ટાંગ કર્યાં. એવામાં બાપુજી તો અલોપ. હું તો વિચાર કરતી જ રહી ગઇ. રોમરોમમાં આનંદ તો પ્રસરી ગયો પણ શું કરવું તે સમજાયું નહિ. આ રીતે સતત પાંચ દિવસ સુધી પૂજાના સમયે બાપુજીએ મારી પાસે આવીને મારી ગરીબની ઝૂંપડીને પાવન કરી છે. બાપુજીનાં આ પ્રત્યક્ષ દર્શન મારા જીવનની અમૂલ્ય મૂડી છે.

ત્યારપછી બાપુજીનાં પ્રત્યક્ષ દર્શન થયાં નથી. હા, એજ



રૂમમાં એજ જગ્યા પર પરમ પૂ. માની આકૃતિમાં પ્રકાશનાં દર્શન વારંવાર થયાં છે. તે સિવાય પૂ. માની કૃપાનો પણ અનુભવ થયા કરે છે. મારી ઝૂંપડીમાં બાપુજી ને પૂ. માની હાજરી છે તે મારું કેવું સદ્દભાગ્ય! મારી ઝૂંપડી જ હવે તો મારું વૃન્દાવન, કાશી ને મથુરા કહેવાય. મને અપાર આનંદ છે. જ્યારે પૂ. માએ અમદાવાદમાં જાહેર કરેલું કે પૂ. બાપુજી તો અહીં છેજ, ક્યાંય પણ ગયા નથી, ત્યારે મને થયેલાં પ્રત્યક્ષ દર્શનનો મહિમા સમજાયો હતો. વાત તદ્દન સાચી છે. બાપુજી સાધકો સાથે છેજ. જે ભક્તિભાવપૂર્વક યાદ કરે છે તેને બાપુજી પ્રતીતિ કરાવે જ છે.

## સદ્દભાવભરી ભેટ

૧૧૧ શ્રી મનીષા રમેશચંદ્ર પટેલ, અમદાવાદ
મનોકામના પૂર્ણ થતાં.
૫ અનામી સાધક.
૫૦૧ શ્રી મકનજીભાઇ રણછોડજી મિસ્ત્રી, નવસારીના
પુણ્યાર્થે એમના પુત્ર શ્રી અંબાલાલભાઇ મિસ્ત્રી
રગ્બી તરફથી.
૨૫ પ્રવીણ વ્રજલાલ મીરાણી, મોરબી.
૨૨૫ છગનલાલભાઇ સોરઠિયા, સુરત.

# ગીતાધર્મ

લાભુભાઈ દવે

ગયા વખતે આપણે ગુરુ વિષે વાત કરતા હતા, અને સવાલ હતો કે ગુરુ શોધવા ક્યાં? ગુરુને શોધવા જવાની જરૂર નથી. ગુરુ તો આપણી ઇચ્છા અને પ્રબળ ઇચ્છા હોય તો પૂર્વ જન્મનાં કર્મ સંસ્કારે સામેથી આવી મળે છે. મત્સ્યેન્દ્રનાથજીને ગુરુ ગોરખનાથજી સામેથી આવી મળ્યા હતા અને મચ્છીન્દ્રનાથજીને સંસારના બંધનોમાંથી જગાડવા બોલેલા, "ચેત મત્સ્યેન્દ્ર ગોરખ આયા....!"

આપણા જીવનમાં પણ ગોરખનાથજી જેવા ગુરુ ચોક્કસ આવે. રાહ જોવી પડે. બોલાવવા પડે. હાર્દિક આમંત્રણ આપવું પડે. વિનંતી કરવી પડે. પ્રાર્થના કરવી પડે.

છતાં પણ તાત્કાલિક ગુરુ તો 'ગીતાધર્મ' આપણી સમક્ષ ઉપસ્થિત છે. ગીતાના પાઠોનું અધ્યયન ચાલુ કરી દઈએ. ગીતામાં તો જ્ઞાનનો અખૂટ ભંડાર છે. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો ત્રિવેણી સંગમ છે.

એક વખત 'ગીતાધર્મ'નું પાલન કરતાં જ્ઞાન પ્રાપ્ત થાય કે, "આ બધું ખોટું છે, જીવન મર્યાદિત છે, એક દિવસ આ બધું છોડી પાછા અનંત યાત્રામાં ચાલ્યા જવાનું છે, તો આપોઆપ ભક્તિ પ્રગટે. પ્રભુનું નામ લેવાનું શરૂ થઇ શકે. જો હૃદયમાં વૈરાગ્ય પેદા થાય કે આ જગત મિથ્યા છે, ઈશ્વર જ સત્ય છે, તેના શરણ સિવાય બધું જ નકામું છે," તો મન સતત



ઈશ્વર સ્મરણમાં લાગેલું રહે. અને મન સતત પ્રભુના જપ કરે અને ચિત્ત પ્રભુમાં ચોંટી જાય, બસ બેડો પાર, ગુરુ મળી ગયા. આમ પણ મહાદેવ શિવ મહાન ગુરુ છે, ગુરુના ગુરુ છે, તેમને પ્રેમથી પોકારીએ, ભોળા શંભુ આપણા માટે ચોક્કસ દોડી આવશે, આપણે કલ્પેલા હોય તે આકારનું શરીર ધારણ કરી ચોક્કસ દર્શન આપશે. વિશ્વાસ રાખો, ચોક્કસ દર્શન આપેજ, કારણ ભગવાન પોતાના વચનથી બંધાયેલા છે.

ગીતારૂપી જ્ઞાનસાગરમાં ભગવાન સ્વયં પોકારી પોકારીને આપણને કહે છે કે, "સર્વ ધર્મ પરિત્યજ્ય, મામેકં શરણં વ્રજ.", "તું બધા ધર્મો છોડી મારે શરણે આવ, હું તારું રક્ષણ કરીશ, આ મારું તને, જીવમાત્રને વચન છે."

તેથી જરાપણ અસ્વસ્થ થયા વગર આપણે પ્રભુ શિવના શરણે જઈએ, મુરલી મનોહર રાધા સ્વામીના શરણે જઈએ, આપણે બે ડગલાં આગળ વધીએ, તે બે હજાર ડગલાં સામે આવશે, આપણે આપણું કામ કરીએ, તે તેનું કામ ચોક્કસ કરશે. કોઈ પણ દેવમાં તમારી શ્રદ્ધા હોય તેમનું સ્મરણ કરો. તે આવશેજ.

છતાં આપણામાં પૂર્વ જન્મનાં કર્મના પ્રભાવે આ વાતમાં શ્રદ્ધાનો અભાવ પણ જણાવા સંભવ છે, જ્ઞાન તો આપણા બધામાં જ છે, લખવા બેસીએ તો વેદો, અને પુરાણો કરતાંય વધારે જ્ઞાનની વાતો લખી શકીએ, પરંતુ વૈરાગ્ય પેદા થતો નથી. જ્ઞાન તો દુર્યોધનને પણ હતું, તે પોતે પણ જાણતો હતો તે જે કરી રહ્યો છે તે અધર્મ છે, પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજી સાથે અને પ્રત્યક્ષ હતા, છતાં પણ પૂર્વ જન્મનાં કર્મ બંધનોના કારણે અધર્મ છોડી શકતો ન હતો. પ્રભુ પ્રત્યક્ષ હોવા છતાં ધર્મનું

આચરણ કરવું મુશ્કેલ હતું. તો આપણા જેવા સામાન્ય માનવોનું તો પૂછવું જ શું?

પરંતુ એથી ડરી જવાનું કોઇ કારણ નથી, આપણે જ આપણા આત્માના ઉદ્ધારક થવાનું છે. આમાં તો સ્વયં પ્રભુ તથા ગુરુ પણ માત્ર રસ્તો જ બતાવી શકે. પ્રયત્ન તો આપણે જ કરવા પડે. એકલા આવ્યા છીએ, એકલા જવાનું છે. બધી તૈયારી આપણે જાતે આપણા માટે, આપણી ગરજે કરવાની છે. હા, માર્ગ માટે ભોમિયાની મદદ લઇ શકાય. આ ભોમિયો એટલે ગુરુ, માર્ગદર્શક, આ માર્ગદર્શક પ્રભુનાં દર્શન પામેલા હોય તોજ સાચો માર્ગ બતાવી શકે. જેમણે સાક્ષાત્કાર ન કર્યો હોય તે આપણા જેવા જ યાત્રી છે, હા તે આપણાથી ખૂબ આગળ હોઇ શકે. હાલમાં હયાત સાક્ષાત્કાર પામેલાઓમાં ગુજરાતમાં ગોંડલમાં (સૌરાષ્ટ્ર) શક્તિ સાધન આશ્રમમાં પરમ પૂજ્ય સંત શ્રી નાથાલાલભાઇ જોષી છે, તેમણે માતા જગદંબાનાં દર્શન કરેલાં છે, એમ કહેવાય છે. તેમને મન, કર્મ વચનથી નમી તેમનું માર્ગદર્શન લઇ શકાય. 'અધ્યાત્મ'વાળા પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પણ સાક્ષાત્કાર નજીકનાં આપણાં સ્વજન છે તેમના અખૂટ જ્ઞાન અને ભક્તિ તથા માર્ગદર્શનનો લાભ લઇ શકાય. બીજા નામી અનામી સંતો પણ છે. તેમને મનથી નમન કરી તેમના ચીંધેલા રસ્તે પ્રભુને પામવા ભક્તિમાર્ગમાં વિના તકલીફે, વિના વિલંબે આગળ જઇ શકાય.

જો કોઇ સંત સદેહે હયાત ન હોય પરંતુ પ્રભુદર્શન પામેલા હોય તો તેમને પણ મનથી વંદી ગુરુસ્થાને હૃદયમાં સ્થાપી શકાય. જેમાં યોગી શ્રી અરવિંદજી તથા માતાજી, શ્રી રામકૃષ્ણ



પરમહંસ, શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા શ્રી યોગેશ્વરજી, પૂ. શ્રી મોટા તથા તેથી પણ આગળના નારદમુનિ, ભગવાન વેદવ્યાસ કે કોઇ ઋષિઓ, મુનિઓ, સાધુસંતો જેવા કે જ્ઞાનેશ્વર, મુક્તાબાઇ, એકનાથ, મીરાંબાઇ, નરસિંહ મહેતા વગેરેને પણ ગુરુ સ્થાને બેસાડી શકાય. આ સિવાયના બીજા કોઇ ઈશ્વરદર્શી સંતને પણ ગુરુ બનાવી શકાય. જો હૃદયની પુકાર હોય, શ્રદ્ધા અને વિશ્વાસ હોય, તો આપણી સાચી લાગણી જોઇ હે પ્રભુના પ્યારા પુત્રો! પ્રભુના અંશ આપણને ભક્તિમાર્ગે આગળ વધવા માર્ગદર્શન આપવા કોઇને કોઇ રીતે ચોક્કસ આવે જ. આવે, આવે, અને આવે જ.

આટલું કર્યા પછી પણ જો હવે આપણે ન જાગીએ તો પછી ક્યારે જાગીશું? જીવન તો દરેક ક્ષણે મૃત્યુ તરફ જઇ રહ્યું છે, મૃત્યુ ભલે શરીરનું હોય, ભલે આત્મા અમર રહ્યો, પરંતુ અમર આત્માએ પણ પૂર્ણ પ્રભુમાં ભળી જવાનું છે, તેટલે અંશે, પૂર્ણને પામવા માટે ભક્તિમાં લાગી જવું પડે જ. તો પછી રાહ કોની જોવાની? કોણ આવીને કહેવાનું છે કે ભક્તિમાં તરબોળ થઇ જા. કોઇ નહીં. તો આપણે જ આપણને જગાડીએ, ઊઠ, આત્મા જાગ, પૂર્વજન્મનાં કર્મનાં ફળનો ઉદય થતો જાય છે, ચાલ, રામનામ રટવા માંડ, શરૂ થઇ જા, વાલ્મિકીની જેમ ભલે મરા, મરા, મરા બોલ, ધીમે ધીમે મરામરા કરતાં કરતાં રામ, રામ, રામ શરૂ થઇ જશે, આપણું કલ્યાણ થશે.

આગળ આપણે ગુરુ બાબતમાં વાત કરી, તેમાં અમુક હયાત ગુરુઓ, ભક્તો, પ્રભુપંથના સહ પ્રવાસીઓની પ્રગતિ તથા અધ્યાત્મજ્ઞાન તથા પ્રભુપ્રાપ્તિ બાબતમાં ભિન્ન મતો

હોવાની શક્યતા રહે છે, કારણ દરેક ભક્તને આપણે મળી શકતા નથી, મળીએ તો આપણે કાચા હોવાની શક્યતાના કારણે સાચા ઝવેરી, અથવા હીરાને પારખી શકતા નથી. તેથી ગુરુ બાબતમાં ભોળાનાથ શિવજીને ગુરુ માનવા, તેઓશ્રી તો ગુરુણામ્ ગુરુ છે. અંતિમ સત્તા છે. તેમને ગુરુ પદે સ્થાપી તેમના નામનો જાપ કરવાથી, કદાચ આપણાં પૂર્વજન્મનાં કર્મ ખરાબ હોય તો તે નષ્ટ થઇ જઇ, આપણો ચોક્કસ ઉદ્ધાર થાય. નાહક બહુ શાસ્ત્રોનો વિસ્તાર, તથા ચર્ચા કરવાથી શો લાભ? પ્રભુના નામનો જાપ, પ્રભુએ સ્વ–મુખે ગાયેલી ગીતાનો પાઠ, ગાન, શ્રાવણ, મનન, ચર્ચા, ધ્યાન, વગેરે કરવાં જોઇએ.

ગીતામાં ધૃતરાષ્ટ્ર મહારાજ તો આંખે આંધળા છે, મન ઉપર સ્વાર્થનો પડદો પડી ગયો છે. તેમને જગાડવા સ્વયં ભગવાને વારંવાર શંખનાદ કરી પ્રયત્ન કર્યા છે. છતાં પૂર્વજન્મનાં કર્મના આધારે તેઓશ્રી ચક્ષુ અને મનથી અંધ જ રહ્યા.

ગીતાજીમાં આ વાત સ્પષ્ટ ઉચ્ચારાઇ છે. મહાભારતમાં આપણે આ વાત સ્પષ્ટ જોઇ શકીએ છીએ. છતાં શું આપણે પણ ધૃતરાષ્ટ્રજીની જેમ અંધ બની ધન, કીર્તિ, પુત્ર, પત્ની, પરિવાર, તાકાત, માયા, મોહ, લોભ, અભિમાન, તોછડાઇ, અપવિત્રતા માટે જ જીવન જીવવાનું?

આપણને પણ ખુલ્લી આંખોવાળા સંજય ઉર્ફે શ્રી યોગેશ્વરજી તથા એજ કક્ષાના બીજા ભક્તો, ગુરુઓ મળ્યા છે. તેઓ વારંવાર આપણને પોકારી પોકારીને કહે છે કે, "તમે આંધળા ન બનો. ઊઠો, જાગો, જીવન સાવ ટૂંકું છે, જે કરવાનું છે તે આ જન્મમાં જ છે. તમને જે સુખ અને દુઃખ આ



જન્મમાં મળવાનાં છે, તે મળવાનાં જ છે. તેમાં તમે જરાપણ ફેરફાર કરી શકો તેમ નથી. કરવાવાળો તો ઉપરવાળો છે, તેના નિયમો પ્રમાણે જ, તેની ઇચ્છાથી તેની માયાને આધીન આ જગતમાં બધું બની રહ્યું છે. તેની ઇચ્છા વગર ઝાડનું પાંદડું પણ હાલતું નથી. આપણે આંગળી પણ ઊંચી કરી શકતા નથી. માટે અભિમાન, ઘમંડ છોડો, આપણું આજનું જીવન આપણાં ગઇકાલનાં કર્મો ઉપર આધારિત છે. આજના આપણા ઘરનો પાયો આપણે ગઇકાલે જ એટલે ગતજન્મમાં નાખેલો છે. આજની ઇમારત ગઇકાલ ઉપર ઊભી છે. હવે જો આવતી કાલ, મતલબ આ જન્મ પછી આવતો જન્મ સુધારવો હોય તો તેના પાયા અત્યારથી જ ચણવા માંડો." આ માટે આપણે કશું જ કરવાનું નથી, માત્ર ભગવાનના શબ્દોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી જીવનરૂપી રથની લગામ તેમને સોંપી દેવાની છે, આમ પણ લગામ તો તેના હાથમાં જ છે, છતાં અજ્ઞાનતા વશ તે આપણે આપણા હાથમાં હોવાનું માનીએ છીએ. તેથી કર્મનાં બંધનોમાં અટવાતા જઇએ છીએ. પરંતુ કર્મનાં બંધનોમાંથી છૂટવા માટે "હું" પણાનો ત્યાગ અત્યંત જરૂરી છે. આપણે કરવાવાળા કોણ? આપણાથી શું થઇ શકે છે? કરવાવાળો તો ઉપરવાળો જ છે. દા. ત. એક વ્યક્તિને તાવ આવે છે, આપણે દવા કરાવી, તાવ નથી ઉતરતો, ડોક્ટરો બદલતા રહ્યા, દવાઓ બદલતા રહ્યા, પરદેશ જઇને બતાવી આવ્યા. છતાં તાવ નજ ઉતરે, ડોક્ટરો હાથ ધોઇ નાખે, પછી? પછી શું? પછી જે સત્તા છે તે પરમેશ્વર છે, પછી તેને પ્રેમ, ભક્તિથી પોકારવાથી તે એક પલકારામાં તાવ ઉતારી દે છે. બસ, પતી ગઇ વાત. ક્યાં ગયું આપણું અભિમાન? કેવી દવા? કેવા

ડોક્ટરો? કેવા ઉપાય? ભાઇ, દર્દ દેનારો પણ તેજ અને દર્દ લઇ લેનારો પણ તેજ. માટે સમજપૂર્વક આ વાત માની લઇ દાસભાવે, મિત્રભાવે, સગાભાવે અથવા કોઇ પણ નાતે, સંબંધે તેની સમીપે જવા પ્રયત્ન કરવાથી તે ચોક્કસ મદદ કરે જ છે, અને જ્યારે કરવાવાળો તે પોતે જ છે, પછી આપણી શી વિસાત? આપણને પછી કર્મનાં બંધન શેનાં? અને જેને બંધનો ન હોય તે મુક્ત જ હોય ને? તો મળી ગઇ મુક્તિ.

તો આ મુક્તિ માટે આપણે બંધનોથી વેગળા જ રહીએ. હવે આ વેગળા રહેવા માટે શું કરવું? ફક્ત ભગવાનના આદેશોનું પાલન કરવું. ભગવાન ગીતાજીમાં પોકારી પોકારીને કહે છે કે, "સર્વ ધર્માન્ પરિત્યજ્ય, મામેકં શરણં વ્રજ." તું બધા ધર્મો છોડીને મારે શરણે આવ. હું તારું રક્ષણ કરીશ." આપણે પ્રભુની આ વાત સ્વીકારી લઇએ. હૃદય ઉપર કોતરીને લખી નાખીએ કે, "મારનાર અને જીવાડનાર, આપનાર અને લેનાર, કરનાર અને આપણી પાસે કરાવનાર, તો એજ છે. આપણે કોણ? પતી ગઇ વાત. આપણે તો નાટકનું એક પાત્ર છીએ, પાત્ર ભજવાઇ ગયું પછી પડદા પાછળ ચાલ્યા જવાનું. નાટક પૂરું કરવાની જવાબદારી સૂત્રધાર–ડાયરેક્ટર, ઈશ્વરની છે. એ લપમાં વળી આપણે શા માટે પડવું? બધી જવાબદારી સૂત્રધારની છે, આપણી નહીં.

એક બાળકને આપણે કહીએ પેલું પવાલું લાવ, બાળકે આપણી વાત સાંભળી પવાલું લાવી આપ્યું. હવે કર્મ તો બાળકે કર્યું, પવાલું તો આવ્યું. પરંતુ કોના કહેવાથી? તો આમાં વધુ જવાબદાર કોણ? આપણે કે બાળક? હવે બાળક કહે કે, "હું પવાલું લાવ્યો," તો આપણે બાળકને શું કહીશું? કદાચ આપણે



હસવાના, ગુસ્સે પણ થવાના. તેના જવાબ પ્રમાણે આપણી પ્રતિક્રિયા રહેવાની. ખોટી વાત છે? તો શું આપણી સ્થિતિ એ બાળક જેવી નથી?

(ક્રમશ:)

## ચણોઠી

### ધૂની માંડલિયા

શ્રીમંત પણ તપસ્વી સંત શાહ સુજાએ પોતાની ધર્મપરાયણ પુત્રીનો સંબંધ એક અત્યંત સદ્‌ગુણી પણ તદ્દન ચીંથરેહાલ ફકીર સાથે જોડ્યો. માત્ર એક પૈસાના લોબાન, એક પૈસાની રોટી અને એક પૈસાની ખાંડ વડે ઊજવાયેલી શાદી પછી નવવધૂ ફકીરની ઝૂંપડીમાં દાખલ થઇ ત્યારે તેણે એક ખૂણામાં ચીંથરે વીંટેલા રોટીના કેવળ ત્રણ ટુકડા જોયા. ફકીરે કહ્યું કે રાતના ભોજન માટે એ સાચવી રાખ્યા છે. એ સાંભળતાં જ નવવધૂ ચાલી જવા તૈયાર થઇ. ફકીરે કહ્યું : 'મને શંકા હતી જ કે તને અહેશમાં રહેનારને અહીં નહીં ફાવે.' નવવધૂએ જવાબ વાળ્યો : 'રખે ધારતા કે હું કંગાલિયતથી ડરી, પણ સાંજના ભોજનની આ ચિંતા જોઇને ખુદા પરની તમારી આસ્થા મને રોટીના એ ત્રણ ટુકડા જેટલી ઓછી લાગી. અને પોતાની અશ્રદ્ધાથી ચોંકી ઊઠેલા ફકીર પતિએ એ ત્રણ ટુકડા રસ્તાના કૂતરાને ખવડાવી દીધા.

## યાદ

મને મારા ગુરુની યાદ ગમે!
યાદ કરું જ્યાં ચરણકમળને,
સઘળાં દુ:ખ શમે!
જન્મ દેનારી નિજ જનનીને
ભક્ત થઈને નીરખે,
ઘટ ઘટમાંહે એક જ ધાગો
પરોરાયલો પરખે!
જગદમ્બાનો પ્યારો જગમાં
પાગલ થઈને રમે!.......૧
અંગ ઓઢેલી ધાબળી પીળી
ધવલ સોહે ધોતી,
ભાલ વિશાલને દિવ્ય નજરો
ભેદી કાળને જોતી!
યાદ કરું એ મૂર્તિ મનોહર
ચંચલ મન વિરમે!.......૨
સરવાણી નિર્ઝરતી. પાવન
પાતી પ્રેમનો પ્યાલો,
પંચભૂતના દેહ મંદિરિયે
ખેલે નંદનો લાલો!
યાદ કરું તો પ્રકાશનાં પૂર
રૂંવે રૂંવે સંક્રમે!
મને મારા ગુરુની યાદ ગમે!

**ઈશ્વરભાઈ ભક્ત, (પરમાર્થી)**



# પ્રશ્નોત્તરી

યોગેશ્વરજી

### સ્તુતિ વિષે

પ્રશ્ન:–ઈશ્વરની સ્તુતિ કરવાથી ઈશ્વર પોતાના નિયમોને છોડીને પણ પાપમુક્તિ આપે ખરા?

ઉત્તર:–ઈશ્વરને માટે પોતાના નિયમો છોડવાનો કોઇ પ્રશ્ન જ પેદા થતો નથી. એ જે કંઇ કરે છે તે પોતાના નિશ્ચિત નિયમોને અનુસરીને જ કરે છે. પાપી અથવા અપરાધી પુરુષ ઈશ્વરનું શરણ લે, ઈશ્વરનું સ્મરણ કરે, અને પોતાનાં પાપકર્મ, દોષ અથવા અપરાધને માટે સાચા દિલથી પશ્ચાતાપ કરીને એનું પુનરાવર્તન ન કરવાનો સંકલ્પ કરે તો ઈશ્વરની કૃપાથી પાપમુક્ત બની જાય છે. ઈશ્વરની દુનિયાનો એ પણ એક પ્રસ્થાપિત પરંપરાગત નિયમ જ છે. ગીતામાં સ્પષ્ટ શબ્દોમાં નિશ્ચયાત્મક રીતે કહેવામાં આવ્યું છે કે કોઇ સુદુરાચારી પણ જો મને અનન્યભાવે ભજે છે તો તે સત્પુરુષ જ કહેવાય છે. એ થોડા જ વખતમાં ધર્માત્મા બને છે, સનાતન શાન્તિને મેળવી લે છે. હે અર્જુન! મારો ભક્ત કદી વિનાશ પામતો નથી. મારું શ્રદ્ધાભક્તિપૂર્વકનું શરણ લઇને સર્વોત્તમ પદને પામી લે છે. તો પછી સત્કર્મ પરાયણ, કહેવું જ શું? આ પરિવર્તનશીલ, અનિત્ય, સંપૂર્ણ સુખશાન્તિથી રહિત મૃત્યુલોકને મેળવીને મને જ ભજ.

જે ઈશ્વરનું શરણ લે છે તે સ્વાભાવિક રીતે જ એમની

મદદ મેળવે છે.

પ્રશ્ન:–ઈશ્વરની સ્તુતિ કેવી રીતે કરવી જોઈએ?

ઉત્તર:–ઈશ્વરની સ્તુતિ તદ્દન સહજ રીતે થવી જોઈએ, અને બને તેટલા વધારે ને વધારે ભાવપૂર્વક કરાવી જોઈએ. એ પોતાની સ્વાભાવિક ભાષામાં કોઈપણ પ્રકારની કૃત્રિમતા કે દાંભિકતા સિવાય થવી જોઈએ.

પ્રશ્ન:–ઈશ્વરની સ્તુતિ કરવાનું કાર્ય અનિવાર્ય છે?

ઉત્તર:–અનિવાર્ય છે એવું તો કેવી રીતે કહી શકાય? ભક્તિ માર્ગમાં ઈશ્વરની સ્તુતિ કરવાનું સહજ આવશ્યક અને કલ્યાણકારક મનાય છે. ભક્ત સ્વાભાવિક રીતે સ્તુતિ કરે છે. જ્યાં સુધી ઈશ્વરની સ્તુતિ કરવાનું આવશ્યક લાગે છે ત્યાં સુધી સ્તુતિ કરવામાં કશી હરકત નથી. પછી એવી આવશ્યકતાની પ્રતીતિ ના થતાં, સ્તુતિની પ્રવૃત્તિ અનાયાસે આપોઆપ છૂટી જશે. સાધક, સ્તુતિ પોતાના સાધનાત્મક લાભને માટે કરે છે, ઈશ્વરના સ્વાર્થ–લાભ માટે નથી કરતો.

મોક્ષ વિષે

પ્રશ્ન:–મોક્ષ અથવા મુક્તિ એટલે શું? તેને પ્રાપ્ત કરવાનાં સાધનો ક્યાં ક્યાં છે?

ઉત્તર:–મોક્ષ અથવા મુક્તિ એટલે અવિદ્યામાંથી છૂટીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો અથવા પરમાત્માનો અપરોક્ષ અનુભવ કરવો તે. અવિદ્યાને લીધે એના જ પરિણામે અહંતા, મમતા, આસક્તિ, વાસના, લાલસા, કામના, રાગદ્વેષાદિનો જન્મ થાય છે. એમાંથી છૂટવામાં આવતાં આત્મદર્શન દૂર નથી રહેતું. પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બને છે.



મુક્તિની પ્રાપ્તિ માટે આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ, ભગવદ્ નામસ્મરણ, પ્રાર્થના, આત્મજ્ઞાન, સંતકૃપા તથા ઈશ્વરના અસાધારણ અલૌકિક અમોઘ અનુગ્રહનાં સાધનો મુખ્ય છે. એ સાધનોની સહાયથી મુક્તિના ધારેલા લક્ષાંકની સિદ્ધિ સહેલાઈથી થઈ શકે છે.

દર્શન વિષે

પ્રશ્ન:–ઈશ્વરનું દર્શન ક્યા સાધનથી થઈ શકે?

ઉત્તર:–ઈશ્વરના દર્શન માટેનું સૌથી આવશ્યક અક્સીર અમોઘ સાધન ઈશ્વર માટેનો પરમ પવિત્ર પ્રબળ પ્રેમ છે.

પ્રશ્ન:–શુ ઈશ્વરનું દર્શન જ્ઞાન, ધ્યાન અને ભક્તિથી ના થઈ શકે?

ઉત્તર:–થઈ શકે, પરંતુ એ સર્વે જુદાં જુદાં દેખાતાં સાધનોના મૂળમાં પરમાત્માને માટેનો પ્રેમ હોવો જોઈએ, અને એ સાધનોના પરિણામે પણ પાર વિનાનો પરમાત્મા માટેનો પ્રેમ તો પ્રકટવો જ જોઈએ. તે ના પ્રકટે ત્યાં સુધી ઈશ્વરનું દર્શન શક્ય ન બને.

પ્રશ્ન:–ઈશ્વરના દર્શનની સાધનામાં જીવનની વિશુદ્ધિનું મહત્ત્વ ખરૂં?

ઉત્તર:–ઈશ્વરના દર્શનની સાધનામાં જીવનની વિશુદ્ધિનું મહત્ત્વ અનિવાર્ય છે. મનની અને બાહ્ય જીવનની વિશુદ્ધિ વિના ઈશ્વરને માટેના પરમ પવિત્ર પ્રબળ પ્રેમનો પ્રાદુર્ભાવ થઈ શકે નહિ. એટલે જીવનની વિશુદ્ધિની ઉપેક્ષા કદાપિ ના થઈ શકે.

પ્રશ્ન:–ઈશ્વર માટેના પ્રબળ પ્રેમને પ્રકટાવવા કે વધારવા

માટે શું કરવું જોઇએ?

ઉત્તર:–એને માટે અંતરના ઉંડાણમાંથી કરાતી પ્રાર્થનાનો આધાર લેવો જોઇએ. પ્રાર્થનાથી મોટી મદદ મળે છે. એ ઉપરાંત ભગવદ્ ભક્તો તથા સત્પુરુષોનો સમાગમ કરવો જોઇએ. એમના સત્સંગ, શુભાશીર્વાદ અને મંગલ માર્ગદર્શનથી ઈશ્વરીય પ્રેમની જાગૃતિ તથા અભિવૃદ્ધિ અથવા પુષ્ટિ થાય છે. ઉત્તમ પ્રકારના આધ્યાત્મિક ભાવોથી ભરેલા સદ્ગ્રંથોના સ્વાધ્યાયથી પણ એને માટે મહત્ત્વની મૂલ્યવાન મદદ મળી રહે છે.

એ બધાં સાધનો સિવાયનું બીજુ એક મહત્ત્વનું ને અક્સીર સાધન પ્રેમપૂર્વક વધારેમાં વધારે સમય પર્યંત કરવામાં આવતા નામજપનું છે. નામજપની સાધનાથી ઈશ્વરીય પવિત્ર પ્રેમનું પ્રાકટ્ય થતાં સાધક ઈશ્વરના દર્શનનો સુરદુર્લભ લાભ મેળવી શકે છે.

પ્રશ્ન:–શું ઈશ્વરનું દર્શન સાચેસાચ જાઇ શકે છે?

ઉત્તર:–અવશ્ય થઇ શકે છે. એ સંબંધમાં લેશ પણ શંકાને સ્થાન નથી. આ અમે અમારા વ્યક્તિગત આધારના અનુભવ પરથી નમ્રતાપૂર્વક કહી શકીએ એમ છીએ કે ઈશ્વરનાં વિવિધ સ્વરૂપોનાં દર્શન એમની કૃપાથી અમને થયાં છે. અમારો એ વિશ્વાસ છે કે જે કોઇ પવિત્ર થઇને પ્રમાણિક પુરુષાર્થથી પ્રયત્ન કરશે તેનેય વહેલે મોડે એનાં દર્શન અવશ્ય થશે.


## અવિરત પ્રગતિના પંથે આગળ વધતું ગુજરાત

રાષ્ટ્રની આઝાદીની લડતમાં મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલની રાહબરી નીચે ગૌરવર્ણ યોગદાન આપનારા અને સ્વાતંત્ર્ય પછીના ભારતના નવઘડતરમાં સહભાગી બની રહેલા ગુજરાતે અલગ રાજ્યની સ્થાપના પછીના સમયગાળા દરમિયાન પ્રગતિપથનાં અનેકવિધ સોપાનો સર્યાં છે.

ગુજરાત રાજ્યની સ્થાપના બાદ રાજ્યે વિવિધ ક્ષેત્રોમાં સાધેલી પ્રગતિની ઝલક આ રહી:

: ઉદ્યોગ :

રાજ્યમાં ૧૨૦૦ મધ્યમ અને મોટાં ઔદ્યોગિક એકમો–૮૮,૦૦૦ કરતાં વધારે લઘુક્ષેત્રના ઉદ્યોગો–૭૫૦ લાખથી પણ વધુ કામદારોને રોજી–ઔદ્યોગિક ઉત્પાદન રૂ. ૩૦,૦૦૦ કરોડ જેટલું ખાણ અને ઉત્પાદન ક્ષેત્રના પ્રોજેક્ટમાં રાષ્ટ્રની રૂ. ૧,૩૦૯ ની સરેરાશ સામે રૂ. ૨,૬૯૧ના રોકાણ સાથે માથાદીઠ આવકમાં પ્રથમ સ્થાને હીરા ઉદ્યોગમાં ૫૦,૦૦૦ એકમોમાં આઠ લાખ કામદારોને રોજી હજીરા ખાતે રૂ. ૫૮૦ કરોડનું ગેસ પ્રોસેસીંગ અને રૂ.૩૦૫ કરોડનું સ્પોંજ આર્યન સંકુલ.

: શિક્ષણ :

બિન–આદિવાસી શાળાના ધોરણ ૧ થી ૪ ના ૩૬.૮૧ લાખ તથા આદિવાસી વિસ્તારની શાળાઓના ધોરણ ૧ થી ૭ના ૧૦.૬૬ લાખ બાળકોને વિના મૂલ્યે પાઠ્ય પુસ્તકો અપાયાં પછાત વર્ગોના બાળકોને મફત ગણવેશ. ઓપરેશન બ્લેક બોર્ડ, વિવિધ શિષ્યવૃત્તિઓ, અશાલેય શિક્ષણ તથા નવોદય વિદ્યાલયોનો પ્રારંભ.

અનુસૂચિત જાતિ અને જનજાતિનાં અને અન્ય પછાત વર્ગનાં બાળકો વિજ્ઞાન ટેકનોલોજીનું શિક્ષણ મેળવે તેવી સવલતો યુક્ત ૧૫ આદર્શનિવાસી શાળાઓની શરૂઆત. સાક્ષરતા અભિયાન હેઠળ ૧,૪૦,૦૦૦ નિરક્ષર પ્રૌઢોને સાક્ષર કરાયા.

## હું દુર્યોધન સૌ યુગનો

હું દુર્યોધન! હું દુર્યોધન! દુર્યોધન હું યુગયુગનો,
ધર્મ–અધર્મ સૌ સમજુ તોયે આચરણે દુર્બળ મનનો.
હું દુર્યોધન!

યોધ દુરિતનો, ગીધવૃત્તિનો, ગ્રાસ–ભક્ષ્યનો હું અવતાર!
અસત્ય–યજ્ઞનો હું અધ્વર્યુ, કપટલીલા મુજ અપરંપાર.
હું દુર્યોધન!

મામા શકુનિ ચાલે ચાલું, કર્ણ મહારથીનો સહકાર,
બલિભદ્રની હૂંફ નિરંતર, શકું સ્વપ્ને કેવીક હાર?
હું દુર્યોધન!

'અંધ તણા પાક્યા અંધો' એ દ્રુપદ–તનયા ખમવી ગાળ?
જ્યેષ્ઠતાણું અપમાન હળાહળ! પડકારું મર પ્રલયં કાળ!
હું દુર્યોધન!

'પડ પાસા પોબાર' જગે ના ઝંખે વિરલા માનવબાળ?
જગ–ચોસર, માનવમ્હોરાંથી નિશદિન ખેલંતો મહાકાળ.
હું દુર્યોધન!

યેનકેન ઉપાયે જય: એ લક્ષ્ય જીવનનું, ધ્રુવ નિશાન,
સાધન–શુદ્ધિ તુચ્છ, સિંહાસન, રાજદંડ એ મોટું માન!
હું દુર્યોધન!

અંધ પિતા, દુર્ભાગ્ય! વિદુરની ચાલ, ગાણું મોટો પડકાર,
ગદા ભીમ, ગાંડીવ ટંકારે, કેમ સ્વીકારું સમરે હાર?
હું દુર્યોધન!



કૂડ–કપટ કૃષ્ણે શાં કીધાં! જાંઘે ભીમે કીધ પ્રહાર!
ગદાયુદ્ધમાં અધર્મથી હું પામ્યો અંતિમ હીણી હાર.
હું દુર્યોધન!

સ્નેહ–અંધ મુજ પિતા, જનેતા પુણ્યપ્રકોપી, ભાનુમતી–
ભાર્યા: અભિલાષી સામ્રાજ્ઞી, દ્વિધા–દૃષ્ટિ હું મૂઢમતિ!
હું દુર્યોધન!

'અહંકારી, દુર્મતિ, દુરાશય, ધૂર્ત' ભલે જગ ભણતું આજ,
એકેશ્વર નૃપ, ઉગ્ર દંડ–નય જનમર્દનથી કરવું રાજ.
હું દુર્યોધન!

ક્ષાત્રધર્મમાં વિજય–પરાજય ગૌણ, મહદ્ એકેશ્વર રાજ,
અરિગણ દર્પ દમનથી ઝળહળ વિરાજતો મુજ સર પર તાજ.
હું દુર્યોધન!

ભાનુમતી કંકણ નંદવાયે, થાય કુરુકૂલ છો ઉન્મૂલન,
સ્વપ્ને પણ પાંડવ ના પામે સોય અણી સમ પૃથ્વી કણ.
હું દુર્યોધન!

વિશાળ સામ્રાજ્યોના પાયે માનવ–રક્ત વિપુલ સિંચાતું,
લખલખ ખોપરીઓ હોમાતાં ચક્રવર્તી–પદ ગીત ગવાતું.
હું દુર્યોધન!

કાળ–કિતાબો ભણે ભલે ભૂંડપની વાતો મનભાવન,
ઈષ્ટ–પ્રાપ્તિમાં ગળાબૂડ હું, કોણ કરી શકે વિચલિત મન!
હું દુર્યોધન!

ધર્મ–અધર્મ સૌ સમજું તોયે આચરણે દુર્બળ મનનો!
હું દુર્યોધન! હું દુર્યોધન! દુર્યોધન હું સૌ યુગનો.
હા, હું દુર્યોધન!

ડો. રણજિત પટેલ (અનામી)

# અખિલમ્ મધુરમ્

કમલ સુથાર

ભક્તનું ચિત્ત જ્યારે એકાગ્ર બની જાય છે ત્યારે તે પરમાત્માની દિવ્ય અનુભૂતિ કરે છે. તે વખતે ભક્ત અને ભગવાન બે જણા જ હોય છે. તેમનું વિશ્વ અલૌકિક હોય છે. તે વખતે ભક્ત મધુરા ભક્તિની સર્વોચ્ચ સ્થિતિ પર પહોંચે છે. દ્વૈતની, માધુર્ય ભાવની આ અંતિમ સ્થિતિ છે. આગળની અદ્વૈત સ્થિતિ છે. ભગવાન સાથે એકરૂપ થઇ જવાની સ્થિતિ છે. જ્યાં સુધી દ્વૈત છે તે સ્થિતિમાં મધુરા ભક્તિની ઊંચામાં ઊંચી સ્થિતિ માધુર્ય ભાવની અનુભૂતિ છે. પછી ભગવાન ભક્તને પોતાના તરફ આકર્ષે છે. અને ભક્ત ભગવાનમાં એકરૂપ થઇ જાય છે. તે અદ્વૈત છે.

દ્વૈતમાં ભક્તના હૃદયમાં ભગવાન માટે જ્યારે વિશુદ્ધ ઉત્કૃષ્ટ ભક્તિભાવ પ્રગટે છે ત્યારે તેના અંતઃકરણમાં ભગવાન માટે મધુરતા પ્રગટ થાય છે. ભગવાનનાં પ્રત્યેક અંગ ઉપાંગ તેને મધુર લાગે છે. અખિલ સ્વરૂપ મધુર લાગે છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય જ્યારે ભક્તિની આ ઉત્કૃષ્ટ અવસ્થાએ પહોંચ્યા ત્યારે તેમને આ દિવ્ય અનુભૂતિ થઇ હતી. અને તે સમયની અનુભૂતિ તેમણે મધુરાષ્ટકમ્માં વ્યક્ત કરતાં કહ્યું છેઃ—

અધરં મધુરં વદનં મધુરમ્ મધુરાધિપતે રખિલં મધુરમ્।
હૃદયં મધુરમ્ ગમનં મધુરમ્ મધુરાધિપતે રખિલં મધુરમ્॥

ભગવાનના અધર, વદન, નયન, હૃદય, પગ, હાથ, નૃત્ય, વેણું, લલાટ પરનું તિલક આદિ મધુર લાગે છે. એટલું જ નહિ યમુના, યમુનાનું પાણી, ગોપીઓ, ગોપીઓ સાથેની લીલા પણ મધુર લાગે છે. સમગ્ર સૃષ્ટિ અને સૃષ્ટિનાં દૃશ્યો મધુર લાગે છે.



કોઇ પણ ભક્ત જ્યારે મધુરા ભક્તિની આ સર્વોચ્ચ અવસ્થાએ પહોંચે છે ત્યારે તેને આવી જ અનુભૂતિ થાય છે. અખિલ બ્રહ્માંડમાં ભગવાનની જે મધુરતા વ્યાપ્ત છે. તે ભક્તને સ્પર્શે છે. ભગવાન મધુરા ભક્તિના અધિપતિ છે : 'મધુરાધિપતે રખિલં મધુરમ્।' છે.

એ અમૃતરૂપ છે. આનંદરૂપ છે. મધુરતાના તે અધિપતિ છે. ભક્તને સમગ્ર બ્રહ્માંડમાં ભગવાનનું જ સ્વરૂપ પ્રતિબિંબિત જણાય છે. "સર્વં ખલ્વિદમ્ બ્રહ્મ।" અર્થાત્ સર્વ બ્રહ્મ સ્વરૂપ છે. સર્વ ભગવાન સ્વરૂપ છે. સર્વ શ્રી કૃષ્ણ સ્વરૂપ છે. ભક્ત જ્યાં નજર કરે છે ત્યાં શ્યામ હી શ્યામ જ નજર આવે છે. અને આ શ્યામની મધુરતાનો દિવ્યતાનો દિવ્ય આસ્વાદ લઇ ભક્ત આનંદમાં ઝૂમે છે:

ભક્ત જ્યારે પોતાનું મન ભગવાનને ચરણે ધરી દે છે, પૂર્ણ શ્રદ્ધાથી સમર્પણ કરે છે ત્યારે ભગવાન તેના ઉપર કૃપા કરે છે. ભગવદ્કૃપા ભક્તની લૌકિક ગ્રંથિઓ છેદે છે. તેનાં મળ અને વિક્ષેપનાં આવરણો દૂર કરે છે. તેના ત્રિવિધ તાપ દૂર કરી તેના જીવનમાં પરમ મધુરતા ભરે છે. તેના ચિત્તમાં પરમ શાન્તિ, પરમ આનંદ અને માધુર્ય ભરી દે છે. તેની દૃષ્ટિ પણ દિવ્ય બને છે. આ દિવ્ય દૃષ્ટિથી તે ભગવાનની સૃષ્ટિમાં પણ માધુર્યની અનુભૂતિ કરે છે. અને અખિલ વિશ્વમાં, બ્રહ્માંડમાં હિલોળા લેતો માધુર્યનો સાગર તેને દૃષ્ટિગોચર થાય છે.

દ્વૈતમાં આનંદ છે તેથી જ આપણે આરતીમાં ગાઇએ છીએ કે, "દ્વૈતે મિલન મધુરમ્ માણું હે ઘનશ્યામ્।"

રામાનુજાચાર્ય પણ કહે છે કે મારે ભગવાનના રહેવું છે. મારે ભગવાન થવું નથી. શ્રીમદ્ શંકરાચાર્ય પણ એવું જ કહે છે : "જનની જનનં યાતુ મમ વૈ।" 'મને જન્મ જોઈએ છે.' ભક્ત તુકારામ મહારાજ કહે છે : 'તુકા મ્હણે ગર્ભવાસી સૂખે ધજાવૈ આમ્હાનિ।' અર્થાત્ અમારે દ્વૈત જોઈએ. અદ્વૈતમાં 'હોવું' છે. અને દ્વૈતમાં 'રમવું' છે.

દ્વૈત ભાવની ભક્તિમાં ભક્તના હૃદયમાંથી અલગ–અલગ ઝરણાં ફૂટે છે. અંતમાં માધુર્યનું ઝરણું ફૂટે છે. આ ઝરણું એને એના સમસ્ત અસ્તિત્વને મધુરતાથી આપ્લાવિત કરી દે છે. એની દૃષ્ટિ મધુમય બને છે. અને આ મધુમયી દૃષ્ટિથી તેને "અખિલમ્ મધુરમ્" ની અનુભૂતિ થાય છે.

'દલિતં મધુરમ્ ફલિતં મધુરમ્ મધુરાધિપતે રખિલમ્ મધુરમ્।।'


* ઉદ્‌ઘાટન *

ડૉક્ટર તનની સેવા કરી શકે, પરંતુ તન અને મનની સેવા તો કોઈ સાચા સંતજ કરી શકે. યોગેશ્વરજી

અમારા નવા દવાખાનાનાં ઉદ્‌ઘાટન પ્રસંગે સમસ્ત યોગેશ્વર પરિવારનાં શુભાશીર્વાદની યાચના કરીએ છીએ.

તા. ૧૦/૧૦/૮૯

**ડૉ. હિમાંશુ એચ. પાઠક**

મેળાપનો સમય :
સવારે ૮ થી ૧૨
સાંજે ૬ થી ૧૦

ફ્લેટ નં : ૧, આનંદ એપાર્ટમેન્ટ,
સાંઈકૃપા સોસાયટી પાસે,
તાડવાડી પાસે, રાંદેર રોડ,
સુરત–૩૯૫૦૦૯




# સેવા શું છે?

સ્વામી સંપૂર્ણાનંદજી (મૌની ભિક્ષુ)

સેવા એ ભાવ છે, કર્મ નથી. આ કારણે પ્રત્યેક પરિસ્થિતિમાં યોગ્યતા, સામર્થ્ય કે રૂચિ પ્રમાણે સેવા થઈ શકે છે. સાચા સેવકની દૃષ્ટિએ ઈશ્વર સિવાય અહીં કાંઈ છે જ નહિ. આ કારણે સેવકનું હૃદય સદ્‌ભાવથી જ દુઃખીઓને જોઈ કરૂણાર્દ્ર તેમજ સુખીઓને જોઈ પ્રસન્ન બને છે. કરૂણા સુખ–ભોગની રૂચિનો અને પ્રસન્નતા ખિન્નતાનો નાશ કરે છે. સુખ–ભોગની રૂચિનો નાશ થતાં જ તમારી પાસે જે જે સુખ–સામગ્રી હશે તે આપોઆપ સમર્પિત થવા માંડે છે. અને ખિન્નતાનો નાશ થતાં કામનાઓનો નાશ આપોઆપ થવા માંડે છે.

એક નિયમ છે કે કામનાઓની નિવૃત્તિમાં જ જિજ્ઞાસાની પૂર્તિ તથા પ્રેમની પ્રાપ્તિ છૂપાયેલી છે. શરીર અને વિશ્વમાં, વ્યક્તિ અને સમાજમાં, તથા પ્રેમી અને પ્રેમાસ્પદમાં સેવા જ માત્ર એકતા પ્રદાન કરે છે. સેવક પોતાનું સુખ બીજાને દઈ, બીજાનું દુઃખ પોતે લે છે. એક નિયમ છે કે તમે તમારું સુખ દઈ દુઃખ લ્યો તો તમે સુખદુઃખથી ઉપર ઊઠી તમારા આનંદ સ્વરૂપથી અભિન્ન બનો છો. આ દૃષ્ટિથી સેવક પોતે સેવા બની સાધ્યથી (ઈશ્વરથી) અભિન્ન થાય છે.

સાચી સેવા તેજ કરી શકે છે, કે જે કાંઈ પણ પોતાનું ન માને. પોતાના શરીરને પણ પોતાનું ન માને, પછી શરીરથી

મેળવેલ ધન-વસ્તુઓને તો પોતાની કેમ માને? ટૂંકમાં જે કોઈ કાંઈ પણ પોતાનું માનશે તો તે આદર્શ સેવા નહિ કરી શકે. આદર્શ સેવક નહિ બની શકે.

હવે જે સેવા નથી કરી શકતો, તે પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ પણ નથી કરી શકતો. પ્રાપ્ત પરિસ્થિતિનો સદુપયોગ ન કરી શકનારને ઉત્કૃષ્ટ પરિસ્થિતિ પણ પ્રાપ્ત થતી નથી તેમજ તમામ પરિસ્થિતિઓથી અતીત જે દિવ્ય-જીવન છે તેમાં પ્રવેશ પણ મળતો નથી. આ કારણે સેવામાં જ માનવ જીવનની સાર્થકતા છે. આ દૃષ્ટિથી સેવા, સાધન-યુક્ત જીવનનું આવશ્યક અંગ બની રહે છે.

પ્રાકૃતિક નિયમાનુસાર બીજા પ્રત્યે તમે જે કાંઈ કરો છો તે અનેક ગણું થઈ તમારા પ્રત્યે પાછું આવે છે. આ દૃષ્ટિથી બીજાની સેવામાં તમારું પોતાનું જ હિત છે. સેવા સ્વાર્થ-ભાવનો નાશ કરે છે, તે નાશ થતાં નિષ્કામતા આવે છે, જેના પરિણામે દેહાભિમાન ગળી જાય છે, પછી સુગમતાપૂર્વક તમારામાં જ તમને તમારા વાસ્તવિક જીવનનો અનુભવ થાય છે.

આટલું જ નથી. સેવા દ્વારા ભૌતિક વિકાસ પણ સ્વતઃસિદ્ધ થાય છે, કારણ કે સેવા સેવકને વિભુ બનાવે છે. અર્થાત્ સેવક સમાજના હૃદયમાં નિવાસ કરે છે. સેવકમાં નિર્વૈરતા સ્વભાવથી આવે છે. નિર્વૈરતા આવતાં નિર્ભયતા, સમતા, મુદિતા વિગેરે દિવ્ય ગુણો આપોઆપ સેવકમાં પ્રકટે છે.

હવે સેવાનું સ્વરૂપ શું છે તે જોઈએ. સેવા બે પ્રકારની છે. એક બાહ્ય અને બીજી આંતરિક. બાહ્ય સેવાનો અર્થ છે, પ્રાપ્ત



વસ્તુ યોગ્યતા, સામર્થ્ય વગેરે દ્વારા કોઈ પણ પ્રત્યુપકારની ભાવના સિવાય સર્વહિતકારી કાર્ય કરવું. તે પણ ત્યારે જ સંભવ બનશે કે તમે પ્રાપ્ત વસ્તુ, યોગ્યતા, સામર્થ્યને તમારું ન માનો, પણ જેની સેવા કરો તેના માનો અને ભાવ કરો કે ઈશ્વરે મને આવો સુઅવસરનો સંયોગ કરાવ્યો, કારણ કે સૃષ્ટિ એક છે, તેમાં ભેદ કરવો પ્રમાદ છે.

હવે તમને પ્રશ્ન થશે કે જો કોઈ વસ્તુ અમારી નથી, જેની સેવા કરો છો તેની છે તો તમારા નામે સેવા કેમ થાય? તો કહેવું પડશે કે બાહ્ય સેવા જે સાધનોથી કરો છો, તે સાધનો બધા એક જ સૃષ્ટિનાં છે. હવે જેની સેવા કરો છો તે પણ તે સૃષ્ટિમાં જ છે. દાખલા તરીકે શરીરના પ્રત્યેક અવયવ એકબીજાની સેવા કરે છે, આ પ્રમાણે સૃષ્ટિનાં પ્રાપ્ત સાધનો દ્વારા સૃષ્ટિની સેવા જરૂર કરી શકાય છે. સેવા દ્વારા ભેદ નાશ પામે છે ત્યારે કરવાનું આપોઆપ હોવામાં બદલાઈ જાય છે અને પછી આંતરિક સેવા સ્વતઃ શરૂ થાય છે.

આંતરિક સેવા માટે કોઈ બાહ્ય પ્રવૃત્તિની અપેક્ષા નથી. તેમાં સર્વહિતકારી ભાવ વિભુ બની બધાને બધું પ્રદાન કરે છે, અર્થાત્ ભાવ અનુસાર અનુરૂપ આવશ્યક વસ્તુ વગેરે આપોઆપ પ્રાપ્ત થવા માંડે છે. સર્વહિતકારી-ભાવ સર્વાત્મ-ભાવ પ્રદાન કરે છે, અર્થાત્ સેવક બધામાં પોતાને અનુભવ કરે છે. પછી સેવક-સેવા અને સેવ્યમાં અભિન્નતા થઈ જાય છે. આ છે સેવાની પરાકાષ્ટા.

# રામકથા

**શ્રી યોગેશ્વરજી**

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

સીતાએ સ્મિત કરતાં કહ્યું : 'હું અત્યારે જ બાજુએ હઠી જાઉં?' અને બાજુ પર ઉભી રહીને એ કહેવા માંડી : હું કોઇ વાર વચ્ચે આવું ને મને એનો ખ્યાલ ના રહે તો તમારે મને સૂચના આપવી. નહિ તો પછી બાજુ પર ખસી જઇને મારા ખસવાની રાહ જોયા વગર રામનું દર્શન કરી લેવું. રામનાં રસમય રૂપને નિરખવામાં હું એટલી બધી તલ્લીન બની જાઉં છું કે કેટલીક વાર બીજું બધું જ ભૂલી જાઉં છું.

રામ બોલ્યા 'એનું નામ પ્રેમ.' પ્રેમને લીધે જે તારા મનમાં મને જોવાની ને નિરંતર જોવાની ઇચ્છા રહ્યા કરે છે. શિવસ્વરૂપ પરમાત્માને માટે જીવને જો એવો જ પ્રેમ થઇ જાય તો એ એમને જોવાની ઝંખના કરે અને એમના દર્શન વિના શાંતિ ના પામે, સુખ ના અનુભવે, તથા ચેન ના મેળવે, એ પણ પરમાત્માના દર્શનને માટે આતુર બને. માયા પછી એના માર્ગમાંથી અવશ્ય હઠી જાય, અથવા એ પોતે માયાને એક બાજુએ મૂકીને આગળ વધી જાય ને પરમાત્માના દર્શન સુખથી કૃતાર્થ થાય. એના મૂળમાં પ્રખર પ્રેમ જ છે. એ પ્રેમને જ પ્રકટ કરવાનો છે.

માર્ગમાં આગળ ચાલતાં જટાયુની મુલાકાત થઇ. વનમાં બેઠેલા જટાયુને રાક્ષસ સમજીને રામે એનો પરિચય પૂછ્યો તો એણે પ્રસન્નતાપૂર્વક કહી બતાવ્યું : 'હું તમારા પિતા મહારાજા દશરથનો મિત્ર છું.' જટાયુની દૈવી શક્તિથી પ્રભાવિત અને પ્રસન્ન થયેલા રામે



એનો વિશેષ પરિચય પૂછ્યો તો એણે જણાવ્યું 'રઘુનંદન મહર્ષિ કશ્યપને પોતાની વનિતા નામની પત્નીથી ગરૂડ તથા અરૂણ નામના બે પુત્રો થયેલા. એ અરૂણ મારા પિતા છે. મારા મોટાભાઇનું નામ સંપાતિ છે. તમે ચાહો તો તમારો અહિંનો નિવાસ સુખરૂપ બને તે માટે હું તમારી સહાયતા કરી શકું છું. મને તમારી સેવા કરવાથી ઊંડો સંતોષ થશે. મને આ બાજુના વન પ્રદેશને પૂરતો પરિચય હોવાથી તમને કામ લાગી શકીશ એવી આશા રાખું છું.'

રામને એ શબ્દો સાંભળીને અને એ શબ્દોમાંથી ટપકતા જટાયુના પ્રેમભાવને જોઇને ઘણો હર્ષ થયો. એમણે જટાયુની માંગણી મંજૂર રાખી. જટાયુએ એમને પંચવટીનો માર્ગ બતાવ્યો. પંચવટીની શાંતિ તથા સુંદરતા અનુપમ હતી. એની આજુબાજુ નાની છતાં સરસ પર્વત પંક્તિ શોભી રહી હતી. એ પર્વત પંક્તિ વૃક્ષોથી સુશોભિત હોવાથી વિશેષ રમણીય લાગ્યા કરતી. બાજુમાં પુણ્યસલિલા ગોદાવરી નદી વહી રહેલી. એનું પાણી ઈશ્વરદર્શી સંત પુરુષોના અંતર જેવું અત્યંત નિર્મળ લાગતું. એના તટવર્તી વિશાળ પ્રદેશમાં વૃક્ષોની સુંદર પંક્તિ શોભી રહેલી.

રામ લક્ષ્મણ અને સીતાને એ સ્થળ ખૂબ જ પસંદ પડ્યું. રામનું અંતર ઉલ્લાસથી ઉભરાઇ ઉઠ્યું. એમણે લક્ષ્મણને સંબોધીને કહેવા માંડ્યું : 'લક્ષ્મણ, મહર્ષિ અત્રિ અને અગત્સ્યે કહેલું સ્થળ આજ છે. આ સ્થળને જોતા વેંત જ અંતર એક પ્રકારના અવર્ણનીય આનંદથી ભરાઇ જાય છે. અહિંનાં પવિત્ર પરમાણુઓ મનને એક પ્રકારની અસીમ શાંતિથી ભરી દે છે. આ સુંદર પ્રદેશમાં પર્ણકુટી બાંધીને નિવાસ કરવાનો આનંદ કોઈ અનેરો જ હશે.'

રામના આદેશાનુસાર લક્ષ્મણે એ પવિત્ર ભૂમિમાં એક નાના સરખા આહ્‌લાદક આશ્રમની રચના કરી. સૌથી પહેલાં તો એણે માટી એકઠી કરીને દિવાલો બનાવી દીધી. પછી એમાં સુંદર થાંભલા ગોઠવી દીધા. એમના પર મોટા મોટા વાંસ રાખ્યા. એમની ઉપર શમી વૃક્ષની ડાળીઓ

રાખીને એમને મજબૂત દોરીઓથી બાંધી દીધી.

એના પર ઘાસ તથા પાંદડા જેવા બીજા પદાર્થો બિછાવીને સુંદર છાપરું બનાવી દીધું, અને નીચેની ભૂમિને સરખી કરી, લીંપીગૂંપીને સુંદર બનાવી. રામ તથા સીતાને લક્ષ્મણે બનાવેલો એ આશ્રમ ખૂબ જ પસંદ પડયો. જટાયુને પણ એ ઘણો ગમી ગયો. એવા સુંદર અનુકૂળ આશ્રમની રચના કરવા માટે એમણે લક્ષ્મણની મુક્ત કંઠે પ્રશંસા કરી. રામ અને સીતાને પોતાને તૈયાર કરેલો આશ્રમ પસંદ પડયો એ જોઇને લક્ષ્મણને પણ સંતોષ થયો. એ એકાંત આશ્રમમાં રામ અને સીતાને પ્રસન્નતાપૂર્વક રહેતાં જોઇને લક્ષ્મણ તેમ જ જટાયુનું હૈયું હાથમાં ના રહ્યું. જટાયુએ પોતાના મનોભાવોની અભિવ્યક્તિ કરતાં કહ્યું. 'અયોધ્યાનું ઐશ્વર્ય મેં જોયેલું છે. ત્યાંના વૈભવસુખની આગળ અમરાપુરીનું વૈભવસુખ પણ તુચ્છ લાગે તેમ છે. એ ઐશ્વર્યનો ત્યાગ કરીને સીતા સાથે રામ સ્વેચ્છાથી પ્રેરાઇને આવા એકાંત વનપ્રદેશમાં વાસ કરે છે એ જોઇને મારું દિલ દ્રવી જાય છે. પરંતુ શું થાય? કર્મની ગતિ ઘણી ગહન છે. અયોધ્યાના વૈભવસુખનો ત્યાગ તો રામ જેવા કોઇ મહાપુરુષ જ કરી શકે અને એ પણ આવી પ્રસન્નતા પૂર્વક. એમની આવી યોગ્યતા તથા લોકોત્તરતા જોઇને મારું મસ્તક એમના ચરણમાં નમી પડે છે.'

(ક્રમશઃ)

દોહરા

સુખદુઃખે સમે કૃત્વા, બોધ્યું શ્રીભગવાન્;
અર્જુન જેવાને અરે ! તે લેજે તું ધ્યાન.
સહન કર્યાવિણ માર્ગ નહિ, તો સહેવાને શીખ;
વાર વાર તું માગ નહિ, સુખની ભૂંડી ભૂખ.

શ્રીમાણિક્યવર્માજી

## * સદ્ભાવભરી ભેટ *

અધ્યાત્મને પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમજ પૂ. માની કૃપાથી સદ્ભાવભરી ભેટો વાંચકો મોકલતા રહે છે. એના પરિણામેજ દિન પ્રતિદિન વધતા જતા ભાવો વચ્ચે તે ટકી શક્યું છે. આવી સહાય મોકલનાર સહુ અભિનંદનને પાત્ર છે. સહુને ધન્યવાદ.

૧૧ શ્રી સીતાબેન તુલસીદાસ ચૌહાણ.
૧૦૧ ,, પન્નાબેન દીનેશચંદ્ર શાહ, વડોદરા.
૨૧ ,, અમૃતલાલ હીરાલાલ જોષી, વડોદરા. ચિ. સમીર બારમા ધોરણમાં પાસ થવા બદલ.
૨૫ ,, રામદાન નારણદાન મીસણ, મોરબી.
૨૫ ,, ગોરધનભાઇ રણછોડભાઇ હિંસુ, ખોરસાગીર.
૫૧ ,, ભાલચંદ્ર જીણાભાઈ પાઠક, વ્યાસ.
૫૧ ,, જાદવજી વી. પટેલ, મોરબી. કાર્યમાં સફળ થવાથી.
૨૧ ,, પૌત્ર પલકના જન્મદિન નિમિત્ત.
૨૧ ,, પૌત્રી યોગેશ્વરીના જન્મદિન નિમિત્ત.
૧૧ ,, ભારતીબેન ગિરીશભાઈ અગ્નિ હોત્રી સુરત.
૨૧ ,, મુકુન્દભાઈ નટવરલાલ સોરઠિયા, સુરત શુભકાર્ય પ્રસંગે.
૨૧ ,, કલ્યાણજીભાઈ વાલજીભાઈ સુરતી, કુંભારિયા.
૧૦૧ ,, પદ્માબેન પ્રતાપભાઇ ત્રિવેદી, ભાવનગર.
૧૮ ,, સાધકો તરફથી.
૭૮૫ ,, પી. એન. પટેલ, લેસ્ટર તરફથી ભાઇ દીનેશના લગ્ન નિમિત્તે.
૧૦ ,, ધીરજલાલ શાહ, મુંબઇ.

નવરાત્રિના ઉપવાસો દરમ્યાનની

## ઉત્કટ પ્રાર્થના

શિયાળાની કારમી ઠંડીથી ધ્રુજતાં માણસો રાત વીતે છે ત્યારે વહેલી સવારમાં સૂરજના ઉદયની રાહ જુએ છે, ને સૂરજ ઉગે છે ત્યારે બીજાં બધાં કામ બાજુએ મૂકીને એક વાર તેના મીઠા તાપનો આનંદ લેવા બહાર બેસે છે. તેવીજ રીતે સંસારની ઠંડીથી જે ધ્રુજી ઊઠ્યા છે તે તમારી તરફ ઉષ્મા માટે મીટ માંડે છે, ને તમારા પ્રાકટ્યને માટે પ્રાર્થે છે, કેમકે તેમને ખાત્રી છે કે તમારા ઉષ્મા કિરણમાં મન મૂકીને નાહ્યા વિના જુગજુગની અંતરશરદી કદીકાળ મટવાની નથી. હું પણ તમારી તરફ મીટ માંડીને બેઠો છું ને તમે જલદી જલદી કયારે પ્રકટો છો તેની જ રાહ જોઉં છું.

"ચાતક જેમ પાણીને તલસે ને ખેડૂત વરસાદને માટે આકાશ તરફ મીટ માંડી બેસે તેથી પણ વધારે તલસાટ ને આતુરતાથી તમારી પ્રતીક્ષા કરતો બેઠો છું. તમારા મિલનની આશાના આનંદમાં ઉપવાસની વેદનાને હળવી ગણીને જાણે કે ભૂલી ગયો છું. પણ તમે આમ કયાં લગી પ્રતીક્ષા કરાવશો ? હવે તો શીઘ્ર પ્રકટ થાઓ ને મારી સર્વ પ્રકારની વેદનાને ટાળી દો એ જ માગું છું."

"મહિષાસુરને મારવા તમે તરત તૈયાર થયાં, પણ આ મોહરૂપી મહિષાસુર, જે તમારા વિરહનો વેશ ધરીને મારામાં બેઠો છે તેનો નાશ કરવામાં વિલંબ કેમ કરો છો ? ચિન્તા ને અલ્પતારૂપી ચંડ ને મુંડનો નાશ કરવા કેમ કટિબદ્ધ થતાં નથી ? શુભં ને નિશુંભને તો તમે હણ્યા પરંતુ શોક તેમજ પરિતાપને હણવામાં કેમ વિલંબ કરો છો ? અસુરની જડ ઉખાડી નાંખવી એ શું તમારો ધર્મ નથી ? તો હવે સાનમાં સમજી જાઓ ને મને પ્રેમથી ભેટીને પુલકિત કરો.

ઓકટોબર-૧૯૫૨ યોગેશ્વરજી